વિહારીકૃત ગ્રંથમાળા [illegible] [illegible]

નિર્ભાગી કુસુમ.

લેખક અને પ્રકાશક,

વૃજલાલ જાદવજી ઠક્કર (વૃજવિહારી

નવસારી–મહુવા.

ચંદ્રપ્રકાશ ' માસિકના વ્યવસ્થાપક તથા ' પ્રેમ પ્રતિજ્ઞા ' ' સુલતાન બહાદુરની ચિત્તોડ પર ચ્હડાઈ.

વિ૦ પુસ્તકોના કર્તા.

કિંમત પાંચ આના પોસ્ટેજ સાથે.

ફક્ત થોડીજ નકલો સિલ્લકે ૮

પ્રેમની પ્રતિજ્ઞા

અથવા

પવિત્ર પ્રેમ.

લેખક,–વ્રજવિહારી.

પ્રસ્તુત નવલકથા ઘણીજ ઉત્તમ પ્રકારની છે શૃંગાર તથા કરૂણારસ પ્રાધાન્ય છે હમે પોતે હમારી યોગ્યતા દર્શાવીએ ત્હેના કરતાં બીજાઓ શું કહે છે તે વાંચો

સત્ય માસિકના તંત્રી રા રા મોતીલાલ ત્રી૦ દલાલ બી. એ. એલ બી પોતાના ૧૯૧૨ ના જુનના અંકમાં લખે છે કે,–' પ્રસ્તુત નવલકથાની રસમય વસ્તુસંકલના માટે ત્હેના યુવાન કર્તાને હમે ધન્યવાદ આપીએ છીએ. * * * વાર્તામાં કન્યાવિવાહની પ્રતિજ્ઞાનું અનેક સંકટો છતાં છેવટ સુધી પાલન થાય છે એકંદરે પુસ્તક સ્ત્રીની તેમજ પુરૂષની નીતિ રીતિવૃદ્ધિ ' છે. * * *

વડોદરાથી પ્રસિદ્ધ થતું ' વડોદરા વર્તમાન ' લખે છે કે,–' * * * પ્રસ્તુત પુસ્તક એકંદરે જોતાં દરેક સ્ત્રી તેમજ પુરૂષને વાંચવા ; છે '—

આટલું છતા કિંમત માત્ર ૦–૩–૦ આના. ' ચંદ્રપ્રકાશ.' ના ગ્રા- પાસેથી અઢી આના. એક નકલ મંગાવનારે ટીકીટો બીડવી. વી. પી. ૫ નકલના પાંચ આના પડશે કિંમત ઉપરાંત અડધા આનાની ટીકી- 'જ ચાર્જ માટે મોકલવી તાકીદે લખો,—

મી૦ વિજય.

મહુવા:–નવસારી થઇને.

(ગુજરાત.)

વિહારીકૃત ગ્રંથમાળા ગ્રંથાંક બીજો.

નિર્ભાગી કુસુમ.

અથવા

સમાજ આ તરફ લક્ષ્ય આપશે કે ?

(સામાજીક નવલકથા)

જીવાય તો તે જગના ભલાને,
મરાય તો તે જગના ભલાને

(રાજેન્દ્ર.)

લેખક અને પ્રકાશક,

વૃજલાલ જાદવજી ઠક્કર (વૃજવિહારી.)

'ચંદ્રપ્રકાશ' માસિકના વ્યવસ્થાપક તથા 'પ્રેમની પ્રતિજ્ઞા,
'સુલતાન બહાદુરની ચિત્તોડ પર ચ્હડાઇ' વિ૦ પુસ્તકોના કર્તા.

પ્રથમ આવૃત્તિ. —— સને ૧૯૧૨ ડિસેંબર.

[કિંમત પાંચ આના] [વી૦ પી૦ પોષ્ટેજ સાથે.

પ્રસ્તુત નવલકથા અમદાવાદમાં
'સત્યવિજય' પ્રેસમા શાહ સાકલચદ હરિલાલે છાપી.

બે બોલ.

પ્રસ્તુત નવલકથા એ એક હૃદયભેદક સાસારિક ઘટનાનુ સત્ય ચિત્ર છે પરતુ આટલા ન્હાના પુસ્તકને પ્રસ્તાવના કિંવા ઉપોદ્‌ઘાતની જરૂર છે એમ નથી, તથાપિ વિષય ઘણોજ મહત્વનો છે. વિધવાવિવાહ સબધી અનેક માણસોના અનેક પ્રકારના મત છે વિધવાવિવાહ કરવો એ જૂના વિચારના મનુષ્યોને પસદ નથી, એ હમે જાણીએ છીએ પરતુ જે હકીકત હમને સત્ય લાગે છે તે સમાજ આગળ લાવવી એ હમારૂ કર્તવ્ય સ્હમજી આ પ્રયાસ લેખકે કર્યો છે

'પુનર્વિવાહ' એ મહત્વની બાબત ઉપર આજ ઘણા વખતથી ચર્ચા ચાલ્યા કરે છે કેટલાનો મત પુનર્વિવાહની પક્ષમાં છે ત્યહારે કેટલાક ત્હેનાથી વિરૂદ્ધ મતના છે સુક્ષ્મપણે વિચાર કરી જોતા આ બન્ને પક્ષમા દુરાગ્રહ અને અતિશયોક્તિ એ બન્નેનુ થોડુ થોડુ સમિલન જણાય છે જે પ્રમાણે પુનર્વિવાહ ન કરવાથી હાની થાય છે તેજ પ્રમાણે પુનર્વિવાહ કરવાથી પણ કેટલાક પ્રકારની હાની થતી હશે નહી એમ તો કહેવાયજ નહી પરંતુ કોઇ પણ વિષયની સીમા હોવી જોઇએ તે હોય તો પુનર્વિવાહની ઘટના અવશ્ય ગ્રાહ્ય થશે હેમા લેશ માત્ર સશય નથી હમે શાસ્ત્રોનુ નિરીક્ષણ કરવા લાગ્યા તોપણ આ પ્રશ્નનો ક્યહારેય પણ નિર્ણય થાય એ શકય નથી, કારણ એકજ પ્રકારના શાસ્ત્રોમા પરસ્પર વિરૂદ્ધ હેવી અનેક હકીકત માલુમ પડે છે, તેથી કરીને ખરૂ શુ અને ખોટુ શુ તે સ્હમજી શકાતુ નથી હમને લાગે છે કે દેશકાલાનુસાર અને પરિસ્થિતિનુરૂપ સર્વ રૂઢી પ્રચારમાં આવી છે, અને તેથી ત્હેમા સદ્યસ્થિતિને અનુસરીને આવશ્યક ફેર ફાર થવો અત્યાવશ્યક છે હમને જે યોગ્ય લાગ્યુ તે હમે સમાજને પ્રદર્શિત કરવાનો પ્રયત્ન કર્યો છે વખત પોતાનુ કાર્ય કર્યેજ જાય છે એટલે વિશેષ સ્પષ્ટિકરણ કરવાની કઇ જરૂર જણાતી નથી

માનવની ટુકી બુદ્ધિ અનેક સાવચેતી રાખવા છતાં અનેક ભૂલ્યો કરે છે જો માનવ ભૂલે નહી તો ત્હેને દેવજ ગણી શકાય, અને હેવા દુર્લભ દેવપણાનુ અભિમાન રાખવુ કોઇ મહાન્ સાક્ષને માટે પણ યોગ્ય ન ગણાય, ત્યહારે આ બિચારો ક્ષુદ્ર લેખક તે શા હિસાબમા ?

મરાઠી ભાષાના પ્રસિદ્ધ લેખક 'યશોદાતનય'ના 'હતભાગી ઇંદુ ?' ને આધારે કેટલાક ફેરફાર સહિત આ પુસ્તક લખવામા આવ્યુ છે માટે મૂળ ગ્રથકારનો હુ હૃદયપૂર્વક આભાર માનુ છુ પુસ્તક છપાવતાં ઉતાવળને લીધે ટાઇપની તથા જોડણીની કેટલીક ભૂલ્યો રહી ગઇ છે ત્હેને માટે પણ પુન ક્ષમા યાચુ છુ

સાહિત્ય સેવક

વૃજલાલ જાદવજી ઠક્કર (વૃજવિહારી)

અર્પણ પત્રિકા.

જે પરમપૂજ્ય માતાએ અનેક કષ્ટો વેઠી મ્હારામાં બાલ્યાવસ્થાથી વિદ્યાની અભિરૂચીનાં બી રોપી, પોતે અનેક કષ્ટો વેઠી પુત્રની ઉન્નત્તિના અનેક ઉપાયો યોજી સ્વર્ગ પ્રતિ પ્રયાણ કર્યું છે તે પરમપૂજ્ય માતાના સ્મારક તરીકે આ ભાષાંતર પણ હું ત્હેનાજ ચરણમાં ઉપહાર કરૂં છું.

મહુવા—નવસારી થઇને.
તા૦ ૨૭-૧૧-૧૨

વૃ. જા. ઠક્કર.

ॐ

નિર્ભાગી કુસુમ.

પ્રકરણ ૧ લું.

બાળલગ્ન.

'शास्त्राद्रूढिर्बलियासि'

* * * * ગામની વસ્તી આશરે દોઢેક હજાર મનુષ્યની હતી, પરંતુ આં ન્હાના ગામમાં રાયબહાદુર અમૃતલાલ મ્હેતાને ન ઓળખે એવું મનુષ્ય વિરલજ હતું! રાયબહાદુર અમૃતલાલ પ્રથમ મામલતદાર હતા પરંતુ ખોટા માર્ગેથી પૈસા મેળવવાનો ત્હેમને તિરસ્કાર હોવાથી ત્હેમની પાસે વિશેષ પુંજી નહોતી થોડી ઘણી જમીન હતી, અને આ જમીનનું જે ઉત્પન્ન આવતું ત્હેમાથી તેઓ પોતાના કુકુંબનો નિર્વાહ સારી રીતે ચલાવતા હતા ત્હેમના કુટુંબમા પણ કંઇ વિશેષ મનુષ્ય નહોતાં તેઓ પોતે, ત્હેમની પત્ની, આઠ વર્ષની કન્યા કુસુમ, એક વિધવા બ્હેન અને ત્હેનો એક પુત્ર

કુસુમનું સૌંદર્ય નક્ષત્ર જેવું હતું તે જાતે બુદ્ધિમાન, ચપલ અને સ્વરૂપે પણ અપ્રતિમ સુંદર હતી માતાપિતાના સદ્દગુણ ત્હેનામા પ્રવેશ કરી શક્યા હતા એકની એક પુત્રી હોવાથી માબાપનો ત્હેના ઉપર નીસીમ સ્નેહ હતો, તથાપિ શ્રીમંતોનાં સંતાનો લાડથી બગડે છે આ સર્વ સાધારણ નિયમને કુસુમ અપવાદરૂપ હતી. પોતાને પુત્રનું સુખ પ્રાપ્ત થાય એવી અમૃતલાલ અને રૂક્ષ્મણીને ઘણીજ મહત્વાકાંક્ષા હતી પરંતુ ઇશ્વરની ઇચ્છા તેવી નહોતી. કુંસુમનેજ તેઓ પુત્રવત્ લેખી ત્હેના ઉપર પ્રાણાધિક પ્રેમ કરતાં હતાં

પરંતુ ધીમે ધીમે કુસુમ જેમ જેમ વધવા લાગી તેમ તેમ ત્હેનાં માબાપના વિશેષત. માતાના મનમા ત્હેના વિવાહ સંબંધીનો વિચાર ઘોળાવા લાગ્યો આડોસી પાડોસીમાં પણ આ હકીકત ચર્ચાવા લાગી. ચાર સ્ત્રીઓ

એક સ્થળે એકત્ર થઇ એટલે કુસુમના લગ્નની વાતજ નીકળતી, અને તે વાત ઉપર સ્ત્રી પાર્લામેન્ટમાં ચર્ચા ચાલતી કુસુમને હેના માતાપિતાએ થોડુ ઘણુ લખતાં વાચતા શીખવાડયુ હતુ આ ઉપર પણ સ્ત્રી પાર્લામેન્ટમાં ઘણીજ ચર્ચા ચાલી પાર્વતી કાકી બોલ્યાં,–" બાપરે ! હવે તો હદજ આવી રહી ! શુ કહીએ, સ્ત્રીઓને શા માટે ભણાવવી જોઇએ ? શુ હેમને કઇ નોકરો ચાકરો કરવા જવુ છે ? "

તે ઉપર પ્રભાલક્ષ્મી બોલ્યાં,–" ખરૂ કહોછો પાર્વતી બ્હેન ! તે વાતને તો બાજુએ મૂકોને ! તે છોકરીને આ વૈશાખમા દશમુ વર્ષ બેસશે તો પણ રૂક્ષ્મણીને તે સબધે કઇ લાગણીજ નથી વળી આટલી ન્હાની છોકરી છે છતાં કેટલી ઉચી જણાય છે ! "

આ ઉપર કાશીબાઇ ધીમેથી ડાચકુ મ્હો કરી બોલ્યાં,–"ખરૂ છે બાઇ ! હેની ઉચાઇ તરફ જોઇએ તો હેનુ વય બાર તેર વર્ષનુ લાગે છે પણ કહીએ કોને ? "

મ્હાકોરબાઇએ આ ઉપર અગ્નિમા તેલ રેડયુ,–" અને કહીએ છીએ તો સાંભળે છે પણ કોણ ? મ્હે કાલેજ રૂક્ષ્મણીને છોકરીના લગ્ન સબધી પૂછ્યુ હતુ, ત્હારે તે બોલી–"છોકરીના નશીબમા હશે તેમ થશે ઇશ્વર સૌ સારૂજ કરશે ! " આવા પ્રકારના પુષ્કળ પ્રલાપ રૂક્ષ્મણીના કાને આવતા, તેથી હેને આડોસી પાડોશીને પણ મ્હોં બતાવતા શરમ આવતી

એક દિવસે ભોજન લીધા પછી રૂક્ષ્મણીએ કુસુમના લગ્નની વાત પતિની પાસે ક્હાડી, તે ઉપર અમૃતલાલ બોલ્યા, હેના લગ્નની મ્હને પણ ફિકર છે. કેટલીક વખત મ્હને એમ વિચાર થયો હતો કે હેનુ લગ્ન એકદમ કરવુ નહીં, કારણ લગ્ન થશે કે તુરત હેને શ્વસુરપક્ષમાં જવુ પડશે અને તેથી આપણુને આ ઘર ખાવા ધાશે, પરતુ વળી કેટલીક વખત વિચાર કરતા અને આજુબાજુની પરિસ્થિતિ જોતા મ્હારો એવો નિશ્ચય થયો છે કે હવે હેનુ લગ્ન લબાવવુ એ ઇષ્ટ નથી, કારણ કે તેથી કરીને પૂર્વજોની ચાલતી આવેલી રીતિને બાધ આવશે કુસુમ કરતા પણ કેટલીક ન્હાની છોકરીઓ લગ્નગ્રથીથી જોડાઇ શ્વસુર પક્ષમા આનદ ભોગવે છે કેશવલાલ આગળ મ્હે કુસુમના લગ્ન માટે આજેજ વાત ક્હાડી હતી, અને તેઓ પણ મ્હારી માગણી કબૂલ કરી ચુકયા છે "

" શુ આપ સત્ય ક્હોછો ? તો તો પછી દૂધમા સાકર ભળ્યા જેવુજ કહી શકાય ! " રૂક્ષ્મણી હર્ષાતિશયથી બોલી ઉઠી

"પરંતુ હ્હેને બે હજાર રૂપિયા આપવા પડશે તે !"

"બે હજાર રૂપિયા !" ભોળી રૂક્ષ્મણી બોલી,–"પરંતુ પુત્રીને જ્યહારે સારૂં સ્થળ મળે છે ત્યહારે તે આપવાને શું હરકત છે ? કેશવલાલના કાન્તિલાલ જેવો જમાઇ મળવો એ પણ એક નશિબની વાત છે !"

તે ઉપર અમૃતલાલ થોડો વખત વિચાર કરી બોલ્યા,–"ત્યહારે ચોક્કસ રીતે હા પાડું ને ?"

'હા, હા, ઘણીજ ખુશીથી !" રૂક્ષ્મણીએ સમ્મતિ દર્શાવી

સર્વે નક્કી થયું. બીજે દિવસે કુસુમનું લગ્ન કેશવલાલના પુત્ર કાન્તિલાલ સાથે થશે એવી બાતમી આખા ગામમાં પ્રસરી ગઇ, અને આથી કરીને નવરી નિંદાખોર સ્ત્રીઓની ચર્ચાનો એક વિષય ઓછો થયો. કાન્તિલાલ જેવો હોશિયાર અને સ્વરૂપવાન જમાઇ શોધી કહાડવા બદલ કેટલીક સ્ત્રીઓ રૂક્ષ્મણીને ધન્યવાદ આપવા આવી અને કેટલીક સ્ત્રીઓ લગ્ન સમારંભમાં શું શું કરવું તે બદલ ત્હેમને પુછવામાં આવ્યા શિવાય સલાહ આપવા લાગી

એક શુભ મુહૂર્ત ઉપર કુસુમ અને કાન્તિલાલનું લગ્ન ઘણુંજ ઠાઠમાઠથી થયું તે વખતે કુસુમનું વય આઠ વર્ષનું અને કાન્તિલાલનું તેર વર્ષનું હતું 'લગ્ન' એટલે શું ત્હેની તે ઉભયને કલ્પના પણ નહોતી પોતાની હયાતીમાં પુત્રીનું લગ્ન થયલું જોઇ રૂક્ષ્મણી તો સ્વતને કૃતકૃત્ય માની લેવા લાગી પુત્રીને લાયક પતી મળ્યો જોઈ ત્હેનાં માતાપિતાને આનંદ થયો.

પરંતુ અરે ! ઇશ્વરી સંકેત કંઇ જૂદોજ હતો

પ્રકરણ ૨ જું.

કુસુમનું કપાળ ફુટયું !

न जाने जानकीनाथ प्रातःकाले किं भविष्यति ।

કેટલાક દિવસો વિત્યા પછી કુસુમ સાસરે ગઇ તે વખતે રૂક્ષ્મણી ધીમે ધીમે રડવા લાગી કુસુમ આજથી બીજાની થઇ એ વિચાર આવતાં અમૃતલાલનું હૃદય પણ ભરાઇ આવ્યું અદ્યાપિપર્યંત કુસુમ માતાપિતાને છોડી બીજે કોઇ સ્થળે કદાપિ રહી નહોતી તેથી માતા પિતાથી છુટા પડતાં ત્હેના હૃદયનો ઉભરો બ્હાર પડી આવ્યો–ને રડી પડી પછીથી સાસરે આવ્યા

પછી કુસુમ બાલસ્વભાવાનુસાર સખીઓની સાથે હરતી ફરતી. 'વિવાહ' શબ્દનો અર્થ સ્હમજવા જેટલુ ત્હેનુ વયજ નહોતુ, અસ્તુ

રૂક્ષમણી વચ્ચે વચ્ચે પોતાના જમાઇને અને પુત્રીને પોતાને ઘેર બો લાવતી હતી, અને આગ્રહ કરી ચાર આઠ દિવસ રાખતી હતી તે વખતે આ યુગ્મને જોઇ ત્હેને અવર્ણનીય આનંદ ઉપસ્થિત થતો હતો

કુસુમ જો કે સાસરે આવી હતી તો પણ ત્હેનું શિક્ષણ ચાલુજ હતુ. કેશવલાલ સ્વત –ત્હેના શ્વસુર–ત્હેને ઘણાજ પ્રેમથી શીખવતા અને કેટલીક વખત 'સમાજ સ્થિતિ ક્ય્હારે સુધરશે ?' "સુલતાન બ્હાદુરની ચિત્તોડપર ચ્હડાઇ" એવાં એવાં સારાં નોવેલો કે જે'માથી કઇ પણ જ્ઞાનપ્રાપ્તિ સાથે ઐતિહાસિક હકિકતની માહિતી મળે તેવાં વાંચી બતાવવા હતા

ધીમે ધીમે કુસુમનુ લગ્ન થયાને એક વર્ષ વીતિ ગયુ. તે હવે નવ વર્ષની ઉમરની થઇ કુસુમના સૌભાગ્યસૂર્યનો અસ્ત થવાનો સમય આવી પ્હોચ્યો, ગરીબ બિચારી કુસુમ–દીન ગાયને વૈધવ્યરૂપ કુવામાં પડી મરવાનો પ્રસંગ આવી પ્હોચ્યો ભવિતવ્યતા આગળ કો'નો ઉપાય ચાલી શકે ?

પ્લેગના દિવસ હતા મુબઇ તથા પુના તરફ તો પ્લેગની સત્તા ઘણીજ વધી ગઇ હતી. ન્હાના ન્હાના ગામડાઓમા પણ દરરોજ બે ચાર કેસ થતા હતા દિવસે દિવસે પ્લેગનો કહેર વધતો જતો હતો પ્લેગના કરાલમુખમાં કુટુબોના કુટુબો ફસાઇ પડતા હતા લોકો ઘરબાર છોડી જગલમા રહેવા ચાલ્યા ગયા હતા ગામમા ઉદરો પણ વિશેષ પ્રમાણમા મરતા હતા આ પ્રમાણે જ્ય્હા ત્ય્હા હાહાકાર ઉડી રહ્યો હતો

એક દિવસે કાન્તિલાલ શાળામાથી ઘેર આવ્યા પછી એક કોચ ઉપર તરતજ સૂઇ ગયો આજે ત્હેની મુખમુદ્રા મ્લાન હતી તે સૂતો તેવાજ ત્હેના નેત્રો વિલાયાં ઘણા વખત પછી ત્હેની માતા ત્હેને ઉઠાડવાને આવી તો તે વખતે ત્હેને સખ્ત તાવ આવેલો માલૂમ પડયો વખત પણ એવો હતો કે સ્હેજ તાવ આવતા પ્લેગનો સશય આવે ! અને તે વખત પણ તેવોજ હતો !!

રાત્રે તાવ ૧૦૫ ડીગ્રી સુધી પ્હોંચી ગયો હતો તેથી કરીને કેશવલાલે તરતજ ડૉકટર પ્રભાકરને બોલાવા માણસ મોકલ્યુ, પરતુ ડૉકટર સાહેબની સ્વારી બે દિવસ પૂર્વે કોઇ બીજા ગામે એક કેસ તપાસવા ઉપડી ગઇ છે એમ જણાયુ આમ થવાથી કેશવલાલ ઘણાજ વિચારમાં પડયા, પરતુ તરત જ ત્હેમણે પોતાના એક મિત્રની સલાહથી વૈદ્યને બોલાવી મગાવ્યા વૈદ્યે આવીને કાન્તિલાલને કઇક ઓષડ ઝાડપાલાના રસમા પાયુ. ઔષધ પીધા

પછી થોડી વારે કાન્તિલાલ કંઇક સાવધ થયો તો પણ ત્હેનામાં ઉઠીને બેઠા થવા જેટલી પણ શક્તિ રહી નહોતી ત્હેને અતિશય ઠંડી લાગવા માંડી અને પ્રભાતના સમયે તો પાછો તાવ પોતાની સત્તા પ્રબળતાથી પ્રસારી બેઠો. સ્હવારે તો ત્હેની બન્ને બગલમાં બોરના જેવડી બે ગાંઠ દૃશ્યમાન્ થઇ। આ દેખાવ નજરે પડતાજ સર્વેના હૃદયમા મ્હોટો ધ્રાસકો પડયો અમૃતલાલ અને રૂક્ષ્મણીને ખબર પડતાજ તેઓ જમાઇને જોવાને આવ્યાં પરંતુ કાન્તિલાલને ભયંકર અવસ્થામા જોઇ તેઓ પણ સ્તંભિત થઇ ગયાં

તે દિવસે બપોરે ડૉકટર પ્રભાકર પણ આવી પ્હોચ્યા, અને ત્હેમણે પણ ઘણા ઔષધોપચાર કર્યાં, પરંતુ ' **ईश्वरेच्छा बलियसि** ' એ કથનાનુસાર સર્વે પ્રયત્નો નિષ્ફળ જવા લાગ્યા કુસુમનુ સૌભાગ્યછત્ર ખુંચવી લેવા ભયંકર કાળ પોતાના હાથ પ્રસારીને બેઠો હતો સંધ્યાકાળે સૂર્યનારાયણના અસ્ત સમયે હમારી સુશીલ કુસુમનો સૌભાગ્યસૂર્ય પણ અસ્ત થયો। ફક્ત ચોવીસ કલાકમાંજ પ્લેગરૂપી રાક્ષસે એક સદ્‌ગુણી રત્નનુ બલિદાન લીધું ઘરમાં સર્વત્ર રડારોળ શરૂ થઇ આ સર્વ પ્રકાર જોઇ કુસુમ પણ રડવા લાગી પણ સાંપ્રત ત્હેના ઉપર આવી પડેલા દારૂણ પ્રસંગની ત્હેને લેશ માત્ર પણ કલ્પના હતી કે ? નહીજ,

માતાની કમરે વળગી પડી નેત્રોમાથી આંસુ વર્ષાવતી તે કરૂણાજનક સ્વરે બોલી,—" મા ! કેમ શુ થયુ ? તુ શા માટે રડે છે ? "

રૂક્ષ્મણીએ પ્રત્યુત્તર આપ્યો,—" બેટા, ત્હારૂ કપાળ ફૂટયુ ! "

અરેરે ! કેવો તે હૃદયદ્રાવક પ્રસંગ હતો ! ! !

પ્રકરણ ૩ જું.

ચંદ્રમાનો લોપ થતા જેવી રીતે રજનિ તેજોહીન થાય છે તે પ્રમાણે કાન્તિલાલના મૃત્યુથી કુસુમ ' વિધવા ' એ નિંદ્ય ઉપમાને પાત્ર થઇ હતી. એક વર્ષ પહેલાં—ફક્ત એકજ વર્ષ પહેલાં જ્યહારે ત્હેનું લગ્ન થયુ ત્યહારે આટલા અલ્પ સમયમાં કુસુમ વિધવા થશે એવી ત્હેનાં માબાપને કલ્પના પણ હતી કે ? નહીજ જો ત્હેમને ખબર હોય તો તેઓ ત્હેનુ લગ્ન કરેજ શા માટે ? પરંતુ થનાર મિથ્યા કેમ થઈ શકે !

લખ્યા જે લલાટે લેખ, ટાળ્યા નહી રે ટળે,
દશરથ બાંધિઆ તલાવડી, શ્રવણ પાણી જે ભરે—ટાળ્યા૦
(કવિ૦ ડા. ઘા. ઝવેરી.)

કુસુમને બાલવિધવા થએલી જોઇ કેટલાક નહી પણ પુષ્કળ જણ–કહેતા કે,–' એ સર્વ નશીબની ગતિ છે ! ' પણ આ સ્હમજ ખોટી છે નશીબ-દૈવ એ આપણા પૂર્વજન્મના કૃત્યોનુ દ્વિતીય નામ છે આ ઉપરથી સ્પષ્ટ સ્હમજાઇ આવશે કે કોઇ પણ બાબત માટે દૈવને દોષ આપવો એ અયોગ્ય છે પૂર્વજન્મનાં શુભાશુભ કૃત્યોનુ પરિણામ દૈવના રૂપે આપણને ભોગવવુ પડે છે નિસર્ગના નિયમને અનુસરીને જો આપણે ચાલીએ અને તેમ કરવાથી જો આપણને કંઇ નુકશાન થાય, તો કદાચિત્ દૈવને દોષ દઇ શકીએ ? પરંતુ આપણેજ પ્રથમથી અવિચાર કરીએ અને દૈવને દોષ આપીએ તે કેમ ચાલે તેથી કરીનેજ તત્વજ્ઞવિદ્વાનોએ ઉદ્યોગ પ્રધાન છે અને દૈવ ગૌણ છે એમ માનેલુ છે સમાજરૂઢીને આધીન થઇ અમૃતલાલ અને રૂક્ષ્મણીએ પોતાની કન્યાનો બાલપણમાં વિવાહ કર્યો ન હોત અને તેમ કરીને પોતાનુ માનસિક ધૈર્ય સર્વેની નજર આગળ આણ્યુ હોત તો આજ ત્હેમની આશાનો પાયો આમ એકદમ ભાગી પડત કે ? બિચારી કુસુમ ઉપર અકાલેજ આ દારૂણ પ્રસગ ક્યહાંથી આવી પડત ! સસારસુખનો થોડો પણ અનુભવ લીધા શિવાય ત્હેને વિધવા જેવી નિંદ્ય ઉપમાને યોગ્ય ક્યહાંથી થવુ પડત ?

આજે કુસુમની બાલમૈત્રિણી કમલાનો લગ્ન દિવસ છે ! અને આથી કરીને ભોળી કુસુમના આનદમા બાકીજ રહી નહોતી કમલાના લગ્નમાં જવા માટે કુસુમે ઉત્તમ વસ્ત્રો પરિધાન કર્યા અને પોતે કેવી દેખાય છે તે જોવાના ઉદ્દેશથી તે આરસામા જોવા લાગી કોઇ પણ વાતની યાદદાસ્ત આવવાથી તે પોતાની માતાને કહેવા લાગી,–" મ્હને કુકુમની ટપકી કરીશને ? "

આ સાંભળતાજ રૂક્ષ્મણીના નેત્રોમાથી બે અશ્રુબિંદુ નીકળી પડયા કન્યાને દુખી ન કરવાના ઉદ્દેશથી તે બોલી,–" બેટા કુસુમ ! તુ આમજ સારી દેખાય છે ! હવે ત્હને ટપકીની શુ જરૂર છે ? તુ આમજ કમલા પાસે જા તે ત્હારી વાટ જોઇ બેસી રહી હશે જા, જા, જલદી જા "

કંઇપણ પ્રત્યુત્તર આપ્યા શિવાય કુસુમ તરતજ કમલાને ઘેર જવા નીકળી ગઇ મ્હારા પક્ષથી માતાનુ હ્રદય કેટલુ વ્યથિત થયુ છે તે હેના લક્ષ્યમાં ક્યહાંથી આવે ? ત્હેના ગયા પછી રૂક્ષ્મણી દોઢ બે કલાક સુધી ઘણીજ રડી

લગ્ન સમારભમાં કુસુમને, બીજી સ્ત્રીઓ દૂર કરવા લાગી, પરતુ ત્હેનો મર્મ સ્હમજવા જેટલી ત્હેનામાં અક્કલ નહોતી

જ્યહારે કુસુમ ઘેર પરત આવી ત્યહારે તે છેકજ થાકી ગઇ હતી લાડ

પણાથી ત્હેણે પોતાની માતાના ખોળામાં માથુ મૂકયુ, અને ત્હાંજ ત્હેનાં નેત્રો મીચાયાં

આજે પૌર્ણિમા છે ચદ્રનો શૈત્યાલ્હાદક પ્રકાશ ખડકીમાથી અદર આવી પડતો હતો એકાએક રૂક્ષ્મણીની દૃષ્ટિ ચદ્રબિબ તરફ ગઇ અને નજર જતાની સાથેજ ત્હેના હ્રદયમાંથી દુ ખનો ઉભરો ઉભરાઇ આવ્યો. નિદ્રિત કુસુમના નિર્દોષ ચ્હેરા તરફ એકાગ્રદૃષ્ટિથી જોતા તથા ત્હેને પ્રેમથી ચુબન કરતાં તે દુ ખથી સ્ત્વત બોલી,–" આ અને બીજુ ચદ્રબિબ ? " એનાથી આગળ બોલી શકાયુ નહી કન્યાની સ્થિતિનો વિચાર મનમાં આવતાંજ તે અતિશય રડી

સમાજ ! હજુ પણ ત્હારાં નેત્રોને ઉઘાડ, નિર્દોષ બાલકોને જન્મથી આવાં આંધળાં ના કરીશ, રૂઢિ તુ ત્હારા બધનો તોડી નાખ, દેશબધુઓ! બાલવિવાહને બધ કરો આમ જ્યહાં સુધી થશે નહી ત્યહા સુધી બાલ વિધવાઓના અભિશ્રાપજ ત્હમારે ભોગવવા પડશે એ નિર્શસય છે.

પ્રકરણ ૪ થું.

બન્ને મૈત્રિણી.

વાક્યની શરૂઆતમાં જેમ ક્રિયાપદ અસભવનીય છે, તેમજ બાલવિવાહથી સુખ મળવુ એ પણ અસભવનીય છે જ્યહા કોઇ એક ઘટનાનો આરભ નથી તો ત્હેનો અત ક્યહાથી હોય ?

ધીમે ધીમે કુસુમ શુક્લપક્ષના ચદ્ર પ્રમાણે વધવા લાગી તે સાથે ત્હેનુ રૂપ–સૌદર્ય પણ દ્વિગુણિત થવા લાગ્યુ તે હવે ચૌદ વર્ષની થઇ. ત્હેને હવે પોતાની સ્થિતિનુ થોડુ ઘણુ સત્ય સ્વરૂપ સ્હમજાયુ, અને તેથી કરીને ત્હેનો મુખચદ્રમા તેજોહિન–ફીકો દેખાવા લાગ્યો ત્હેના ગૌરવર્ણ ઉપર કિચિત્ કાળાશ આવી. ખરેખર ઇશ્વરીય લીલા અગમ્ય છે, અને યૌવનનો પ્રભાવ અદ્દ્ભુત છે કુસુમનુ યૌવનરૂપ પુષ્પ પણ વિકસ્યુ યૌવને ત્હેના હ્રદયની યાતના પ્રતિ દયાદૃષ્ટિ ન કરતાં, નિર્ભયતાથી ત્હેના શરીર ક્ષેત્રમાં સ્વરાજ્યનો વિસ્તાર કરવાની શરૂઆત કરી કુસુમ સ્ત્વત કઇ પણ કરતી નહોતી તો પણ સ્વભાવિક રીતે ત્હેનુ લાવણ્ય અધિકાધિકજ ભરાઇ આવવા લાગ્યુ હતુ.

એક દિવસે સ્હવારે કુસુમ પોતાની બાલમૈત્રિણી કમલાની સાથે નદી

ઉપર સ્નાન કરવા ગઇ તે વખતે ઉભય વચ્ચે નીચે પ્રમાણે સંભાષણ થયું.

કમલા બોલી,–" કુસુમ, ત્હારી સુંદર પ્રતિમા વિધાતાએ કો'ને માટે નિર્માણ કરી હશે વારૂ ?"

"જન્મભર દુઃખ ભોગવવા માટે," કુસુમે નિરાશાયુક્ત ઉત્તર આપ્યો.

કમલા પુનઃ બોલી, "કુસુમ ! ત્હારી સ્થિતિનો મ્હારા મનમાં વિચાર આવતાં મ્હારૂં હૃદય ઘણુંજ દ્રવે છે જો ત્હારા માતપિતાએ ત્હારૂં બાલ્યાવસ્થામાં લગ્ન કર્યું ન હોત તો તું વિધવા કેવી રીતે થાત ? કુસુમ ત્હારો જન્મ વૃથા થયો સંસાર સુખ કેવું હોય છે ત્હેની ત્હને બિચારીને કલ્પના પણ ક્યહાંથી હોય ? બ્હેન, ત્હારૂં લગ્ન સ્વપ્નવતજ નીવડયું. હાય ! પુષ્પ વિકસિત થયું, પણ ભ્રમર બિચારો ગયો !!" બોલતા બોલતા કમલાનાં નેત્રોમાથી આંસુ ટપકવા લાગ્યાં કુસુમ પણ રડવા લાગી

ઘણાજ વખત પછી કુસુમ ઉદાસિનતાથી બોલી,–"કમલા ! મ્હેં મ્હોટા પુરૂષોને મ્હોયેથી સાંભળ્યું છે અને કેટલાક ઉત્તમ પુસ્તકોમાં વાંચ્યું છે કે, પ્રભુ દયામય છે, પરંતુ મ્હને એનાથી ઉલટોજ અનુભવ થયો કોઇ એક પુસ્તકમાં મ્હે એવું વાંચ્યું છે કે પતિપ્રેમ એ એક સુધાતુલ્ય બક્ષિસ છે એ બક્ષિસ મ્હારા ફૂટેલા નશીબને લીધે મ્હને મળી નહી, એટલું તો નહીજ પણ પતિનો ચ્હેરો કેવો હતો તે સુદ્ધાં અત્યારે મ્હારી સ્મૃતિમાં નથી બાલવિવાહ કરી છોકરીને કુવામાં ધકેલી દેવા કરતાં માબાપજ ત્હેનો પ્રાણ લઇ લેતા હોય તો કેવું સારૂં ?"

કુસુમનું ઉપર્યુક્ત કથન સાંભળી કમલાને પણ ઘણું લાગી આવ્યું, તથાપિ ત્હેનું શાન્તન કરવાના ઉદ્દેશથી તે બોલી– "જો ત્હારો વિવાહ તે વખતે થયો ન હોત અને આટલી વયે ત્હારો વિવાહ મધુકર સાથે થયો હતે તો ત્હારા ભાગ્યમાં કોઈ પણ પ્રકારની ખામીજ ના રહેત, પરંતુ વિધિના લેખ મિથ્યા કોણ કરી શકે ?"

કુસુમના મુખ ઉપર લજ્જાની છટા પ્રસરી ! ત્હેણે નીચી નજરે સાંભળ્યા કર્યું

કુસુમે ઘણા વખત પર્યંત જવાબ નહી આપવાથી પોતાનો મનોગત વિચાર વિશેષ વ્યક્ત કરતી કમલા બોલી,–"કુસુમ, હું ત્હને મ્હારી પોતાની સખી–બ્હેન પ્રમાણે ગણું છું જો સાંભળ, ત્હારે મ્હારાથી કોઇ પણ પ્રકારની ચોરી રાખવાનું પ્રયોજન નથી ખરૂં કહે, મધુકર ઉપર ત્હારો પ્રેમ બંધાયો છે કે નહી ? જ્યહારે જ્યહારે તે રસ્તે આવે જાય છે ત્યહારે ત્યહારે તું ત્હેના

તરફ ચુપકીથી તથા એકાગ્રદષ્ટિથી જોયા કરે છે તે શુ મ્હારાથી અજ્ઞાત છે એમ તુ સ્હમજે છે ?"

આ સાંભળતાંજ કુસુમનુ મુખ લજ્જાવશ થઇ આરક્ત થયું. પોતાનો મનોભાવ ગુપ્ત રાખવા ત્હેણે પુષ્કળ પ્રયત્નો કર્યા પણ તે સઘળા નિષ્ફળ નીવડયા. તો પણ તે બોલી,—" નહી, નહી, કમલા ! ત્હારી કલ્પના ભૂલ ભરેલી છે, ત્હારે ઘેર મ્હારૂ આવવા જવાનુ બાલ્યાવસ્થાથી છે અને તેથી કરીને જેવો ત્હારા ઉપર મ્હારો સ્નેહ બંધાયો છે તેવોજ ત્હારા બંધુ મધુકર ઉપર પણ બંધાયો છે!"

કમલાએ સ્મિતહાસ્ય કરી ધીમેથી કુસુમના ગાલ ઉપર એક થાપડ મારી કહ્યુ,—" અહાહા ! ઉડાવવાની યુકિત તો સારી આવડે છે ! તુ તો જાણે મ્હને ન્હાના બાળકની માફક સ્હમજાવે છે, પરતુ હુ તો સર્વ સ્હમજુ છુ. કહે જોઉં કુસુમ, મધુકર સાથે ત્હારૂ લગ્ન થાય તો તુ ખુશી થાય ખરીને ?"

કમલા આગળ આપણું શાણપણુ કંઇ ચાલવાનુ નથી એમ જાણી છેવટે કુસુમ બોલી,—" તુ મ્હને શુ કરવાને પૂછે છે ?"

પરંતુ કમલા કંઇ આટલાથી ચુપ બેસી રહે તેમ નહોતુ તે બોલી,— " સાંભળ કુસુમ ! હમણાં વિધવા વિવાહ થવા માટે વર્તમાનપત્રોમાં પણ સખ્ત વાદવિવાદ ચાલે છે અને કેટલીક વિધવાઓનો હાલમાં વિવાહ પણ થયો છે તેથીજ હું ત્હને કહુ છુ કે ત્હારો મધુકર સાથે વિવાહ થવાને વિશેષ અડચણો નથી !"

કુસુમને શુ જવાબ આપવો ત્હેની સૂઝ પડી નહી, ત્હેણે આ વાતનો અંત લાવવાના હેતુથી કહ્યુ,—" ચાલ બ્હેન કમલા ! ઘેર માતા કયારની આપણી વાટ જોતી હશે આપણુને આજે ઘણુજ મોડું થયુ છે !"

કુસુમની યુક્તિ કમલાના લક્ષ્યમા આવી પરતુ તે પણ આ ઉપર અધિક ન બોલતાં ત્હેની સાથે ઘર તરફ પરત આવવા નીકળી

પ્રકરણ. ૫ મું.

સુખ સ્વપ્ન.

"આ તેશું કુહેવાય કમલા ! તુ હરનીશ મ્હારી મશ્કરીજ કરીશ કે ?" એવું કુસુમે કહ્યુ અટલે પછી કમલા કિંચિત્કાલ સ્તબ્ધ રહી. કુસુમ

અને કમલા બન્ને ઉભયની વયમાં બહુ બહુતો એક બે વર્ષનું અંતર હતું. બન્ને જણુ હમણાંજ તારૂણ્યાવસ્થામાં પ્રવેશ કરતી હતી બન્નેનું સૌંદર્ય પણ સરખુંજ હતુ, તેથી કરીને કુસુમનું શરતચંદ્ર જ્યોત્સ્નામય રૂપ સારૂ કે કમલાની અનુપમેય શ્યામવર્ણ કાંતિ સારી તે સમજી શકાતુ નહોતું. બન્ને જણુ મૃગાંક્ષીજ હતી. આ બન્ને જણીઓને અરસપરસ સગી બ્હેનોના જેવો સબંધ હતો. અસ્તુ.

કુસુમે ઘેર પાછા ફરતાં એક ગુલાબનુ સૌગંધપૂર્ણ પુષ્પ ચુંટી કમલાના હાથમાં આપ્યુ અને હસતી હસતી બોલી, " કમલા ! આ પુષ્પથી તુ ત્હારા પતીનુ પુજન કરજે, સમજી કે ! "

કમલાએ આ સાંભળતાંજ પ્રેમમય ગુસ્સાથી તેજ પુષ્પ કુસુમના અંગ પ્રતિ પાછું નાંખ્યુ ત્હાર બાદ કુસુમ બોલી,–" કેમ બીજાની મશ્કરી તો સહન થઇ શકતી નથી ! "

" તેમ નથી કુસુમ, પરંતુ પતીના ચરણોનુ પુષ્પોથી પૂજા કરવાનું સદ્ભાગ્ય સર્વે સ્ત્રીઓના ભાગ્યમા નથી હોતુ ! " કમલા કિંચિત્ લજ્જાથી બોલી

કુસુમે કંઈ પણ ઉત્તર ન આપતાં તે ગુલાબનુ પુષ્પ ઉંચકી દૂર ફેંકી દીધું. એ જોઇ કમલાએ આશ્ચર્યચકિત થઇ કુસુમને પૂછ્યુ,–" શા માટે તે ફુલને ત્હે ફેંકી દીધુ ? "

" કમલા ! તે પુષ્પ બળીને ખાખ થઇ ગયુ છે. " કુસુમ દુઃખદ મુદ્રાએ બોલી

" એટલે ? "

" એટલે શુ ? હું અભાગિની છુ મ્હારે તે પુષ્પ હવે શા કામનું ? "

કુસુમની હૃદયવ્યથા જોઇ કમલાનુ હૃદય પણ દુખિત થયું. તે બોલી, " કુસુમ ! ત્હારા મનમા તે બદ્દલ વિશેષ ચિંતા કરીશ નહી. જો ઇશ્વરની ઇચ્છા હશે તો હજુ પણ તુ સુખી થઇ શકીશ ! "

"કમલા, તે આશા હવે તો નિરર્થક છે." કુસુમ ઉદાસિનતાથી બોલી.

ત્હાર બાદ થોડો વખત વાતચીત કરી કમલા પોતાને ઘેર ચાલી ગઇ અને કુસુમ પણ પોતાના ઘર તરફ વળી આવતાં આવતાં રસ્તામાં તે સ્વગત વિચાર કરવા લાગી, " ગુલાબનુ પુષ્પ કેવુ સુંદર ! પરંતુ તેથી

મ્હને શો લાભ ? હાય ! વિધાતા ! ત્હારી લીલા વિચિત્ર છે ! જ્યારે ત્હેં મ્હારૂં સૌભાગ્ય હરી લીધુ ત્યારે પછી ત્હે મ્હારા મનોવિકારો શામાટે ના હરી લીધા ! પરતુ જે નિર્માણ હશે તે મિથ્યા થોડુ જ થનાર છે !"

કુસુમનાં દ્વયનેત્રામાથી અશ્રુઓ ટપકતા હતા. અતિશય દુઃખથી ત્હેનું હૃદય પિડિત થયુ તે પુન સ્વગત કહેવા લાગી,–" રે ! મધુકર પ્રતિ મ્હારૂ મન આટલુ બધુ કેમ ખેચાય છે ? હું વિધવા છું છતા મ્હારા મનમાં આવા અમગલ વિચારો શા માટે આવે છે ? મ્હારા જેવી કેટલી બાલવિધવાઓ પોતાની જીદગી અસહ્ય દુઃખમાજ પસાર કરતી હશે ? હે દીનદયાળ પ્રભુ ! મ્હને ક્ષમા કર. મ્હારા મનમાં આવા પાપી વિચારો ઉદ્ભવે છે તે બદલ ઓ દયાસાગર, મ્હારા પ્રતિ ક્ષમાદષ્ટિથી જો."

એટલામાં એકાએક સ્હામેથી આવનાર એક વ્યક્તિ તરફ કુસુમની દષ્ટિ ગઇ. તે તરતજ આશ્ચર્યવત્ થઇ ઉભી રહી.

પ્રિય પાઠક ! તે વ્યક્તિ કોણ હશે વારૂ ? મધુકર તો ન હોય ? હા તેજ.

મધુકરનું વય આ વખતે વીસ વર્ષનુ હતુ ત્હેનો બાંધો સુદૃઢ હોઇ કાન્તિ ઉજ્વલ હતી. મુછનો દોરો સ્હેજ સાજ ફુટયો હતો.

મધુકરને જોતાજ કુસુમ ઘણીજ શરમાઇ ગઇ. શરમને લીધે ત્હેના મુખ ઉપર કિચિત્ લાલી તરી આવી ત્હેનુ સર્વ શરીર કપવા લાગ્યુ. કુસુમને જોતાંજ મધુકર સ્મિત હાસ્ય કરી બોલ્યો, " કેમ પુષ્પદેવી ! આજે ક્યહાં સુધી ગયા હતા ?"

મધુકરના આ સરળ પ્રશ્નનો કુસુમથી ઉત્તર આપી શકાયો નહી. ત્હેના મ્હોમાંથી શબ્દજ બ્હાર નીકળી શક્યા નહી. આ જોઇ મધુકરને ઘણીજ વિસ્મયતા લાગી ત્હેની છેકજ નજીક જઇ તે બોલ્યો, " કુસુમ! તુ નહી બોલે ? ત્હારી પ્રકૃતિ તો ઠીક છે ને ?"

કુસુમે એક વખત ઉચુ જોયુ તત્ક્ષણ ચતુર્ચક્ષુનું મિલન થયું. કુસુમની દીન પરતુ અર્થ સુચક મુદ્રા જોઇને મધુકર પુનઃ બોલ્યો; " કુસુમ ! તું મ્હને સુખી કરીશ ને ?"

કુસુમને લાગ્યુ કે શું હુ આ સ્વપ્ન તો જોતી નથી ને ?

પ્રકરણ ૬ ઠું.

આશાનો આભાસ.

કહી લાખો નિરાશામા, અમર આશા છુપાઈ છે !
ખફા ખંજર સનમનામા, રહમ ઉંડી લપાઈ છે !—કહી
જુદાઈ જીંદગી ભરની, કરી રો રો બધી કાઢી,
રહી ગઇ વસ્લની આશા, અગર ગરદન કપાઈ છે —કહી

(મ. ન. દ્વિવેદી.)

યૌવનકાલ મહા વિલક્ષણ હોય છે. સ્ત્રી હોય કિવા પુરૂષ હોય—દરેકના ઉપર તે પોતાની સત્તા બેસાડયા શિવાય રહેતો નથી તો પછી ગરીબ બિચારી કુસુમના ઉપર તે પોતાની સત્તા બેસાડે ત્હેમા શું નવાઇ ! જો તેમ ન હોય તો તે અજ્ઞ બાલિકા મધુકર ઉપર મુગ્ધ કય્હાંથી થાય ? ઉપર્યુક્ત પ્રકરણમા જણાવ્યા પ્રમાણે મધુકર અને કુસુમે—બન્નેએ પોતાંનાં હ્રદયો અરસ્પરસ ઓળખી લીધા હતા તથાપિ જે મનો ધૈર્ય બતાવવા મધુકર તૈયાર થયો હતો તે બદ્દલ સમાજના ક્રૂર ઠપકાઓને ત્હેને સહન કરવા પડે તેમ હતુ

ધીમે ધીમે કુસુમ પોતાને ઘેર આવી પ્હોચી કે ત્હેની માતાએ ત્હેને પ્રેમાળ સ્વરે પૂછ્યુ,—

“ બેટા કુસુમ ! હજુ સુધી તુ કય્હાં હતી ? આજે મુબઇથી ત્હારા મામા આવ્યા છે તે ઘણા વખતથી ત્હારી રાહ જુએ છે ”

“ શું ખરૂ કહે છે ? ” કુસુમ હર્ષિત ચ્હેરો કરી બોલી.

“ પરતુ આ શુ કુસુમ, ત્હારા નેત્રો લાલ કેમ દેખાય છે ? તુ રડી તો નથી ? ”

“ ના, ના, હેવુ કશુ નથી પણ હુ હવે દિવાનખાનામાં મામા પાસે જાઉ છુ, જઉને ? ” કુસુમે વાત ઉડાવી દેવાના ઉદ્દેશથી કહ્યુ.

“ હા, ખુશીથી જા, પરતુ જો તેઓ કોઇ સાથે વાતચીત કરતા હોય તો તું ત્હેમની પાસે જઈશ નહી ”

માતાની આજ્ઞા મળતાંજ કુસુમ દિવાનખાનાના દરવાજા નજીક જઇ

ત્હોંચી તો ત્હેના મામા હરિલાલ પોતાના પિતાની સાથે ધીમે ધીમે કંઈ વાતચીત કરતા હોય હેવુ ત્હેને માલૂમ પડ્યું તેથી તે ત્હાંજ ઉભી રહી. છુપી રીતે સંતાઇને કોઇની વાતચીત સાંભળવી એ ખોટું તો કહેવાય, પરંતુ સાંભળતાં કુસુમને માલૂમ પડ્યુ કે તેઓ મ્હારા પોતાના માટે વાતચીત કરે છે; અને બીજુ, ત્હેની પ્રબળ જીજ્ઞાસાએ ત્હેને ત્હાંથી હાલવાજ દીધી નહી. આ સમયે ત્હેને કાને નીચે પ્રમાણે વાતચીત પડી.

" ખરૂ છે અમૃતલાલ, કુસુમ ઉપર આટલી ન્હાની વયમાંજ વૈધવ્યરૂપ કુહાડી પડવાથી મ્હને પણ ઘણુ લાગી આવે છે. "

" તે બધું ખરૂ, પરતુ ત્હેમાં આપણે શુ કરીએ ? " અમૃતલાલે દુ:ખીમુદ્રાથી કહ્યુ.

" પણ અમૃતલાલ ! બંગદેશમાં ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવાવિવાહનો જે ચાલ પ્રચારમાં આણ્યો છે તે ઘણો પ્રશંસનીય છે અતિશય જનસમાજ ઉપર આ ત્હેમનો મ્હોટો ઉપકાર થયો છે બાલવિવાહથી હિંદુસ્તાનમાં બાલવિધવાઓની સંખ્યા પણ ઘણી વધી ગઇ છે. તેથી વિધવાવિવાહનો ચાલ પ્રચારમા લાવવો એજ ઇષ્ટ છે "

" ખરી વાત છે ! પરતુ આ ચાલને સમાજમાના ઘણાજ થોડા લોકો સંમત થાય તેમ છે અને તેથી કરીને આ ચાલનો પ્રચાર કરવામાં અટકાવ થઇ પડે છે. "

" 'એ વિચાર કરવો ઉપયોગનો નથી. એકનું જોઇ બીજા પણ તે પ્રમાણે કરશેજ "

" હા તે બરોબર છે પરતુ ત્હેને કેટલો કાલાવધિ લાગશે હેની કંઇ કલ્પના કરી કે ? ત્હેના કરતાં સંપૂર્ણ સમાજેજ આ વાતને સંમતિ આપવી ઇષ્ટ છે. બંગદેશમાં અને ગુજરાતમાં આજ પર્યંત ઘણી વિધવાઓનો વિવાહ થયો છે, અને નિત્યશ થયાજ કરે છે. "

" પણ જનસમાજના ઘણા ભાગને આ વાત પસંદ નથી. "

" હાલ નહી હોય તો કાલાંતરે પણ આ વાત લોક પસંદ કરશે હંજુ આપણામાંનો ઘણોખરો જનસમાજ અજ્ઞાનાવસ્થામાં છે એટલા માટે કોઇ પણ હકીકત એકદમ ત્હેમના મનમા ઠસે ને ત્હેનો અમલ થાય એ શકય નથી. "

" કદાચિત્ તેમ પણ હશે; "

" તો પછી ત્હમારે સ્વત: વિચાર કરવો જોઇએ ને ? કુસુમનો પુનર્વિવાહ કરવો એજ ઉત્તમ માર્ગ છે આ કાર્યમાં જો કે તુરત સમાજનો થોડો ઘણો આઘાત સહન તો કરવોજ પડશે "

" હા, આપનુ કહેવુ કઈક સત્ય છે ખરૂ, કુસુમ તરફ જોતા મ્હને કઇ કઇ વિચારો થાય છે ત્હેનો પુનર્વિવાહ કરવો હેવી મ્હારી પણ ઇચ્છા છે પરતુ તેમ કરવાથી જ્ઞાતિબહિષ્કૃત થવુ પડશે તે માટે શુ કરવુ? " રૂઢિના ભયથી અમૃતલાલે કહ્યુ.

" કેમ વારૂ ' જ્ઞાતીની ત્હમે એટલી બધી દરકાર શા માટે કરો છો ? વિશિષ્ટ પથની અનેક વ્યક્તિનો સમુદાય તે જ્ઞાતી. પછી આપના જેવી મનોધૈર્ય દર્શાવનાર એક એક વ્યક્તિ મળી અતે આપનો પક્ષ પ્રબળ શા માટે નહી થાય ? "

" તેમ હોય તોપણ લોકોનાં વાગ્બાણ તો સહન કરવા પડે ને ? "

" લોકાપવાદથી બ્હી જઇને જે ઉત્તમ તે ન કરવુ અને રૂઢિને આધીન રહેવુ હેના જેવી બીજી કોઇ પણ પ્રકારની મૂર્ખતા છેજ નહી '

" તથાપિ . .. . "

" તથાપિ શુ ? " હરિલાલ વચ્ચેજ જોરથી બોલી ઉઠયા,–" જે આપણને યોગ્ય લાગે તે બેધડક કરવુજ જોઇએ તે શિવાય સ્વત.ની કહો, કિવા જ્ઞાતીની, સમાજની અગર દેશની ઉન્નતિ થવી તદ્દન અશકય છે ' .

" ગમે તેમ હોય પરતુ કુસુમનો પુનર્વિવાહ કરવા મ્હારી હિમત ચાલતી નથી. "

" ઠીક છે, પરતુ વિધવા—વિવાહ ન કરવાથી કેવાં કેવા અનિષ્ટ પરિણામો બને છે ત્હેનો કઇ આપે વિચાર કર્યો છે કે ' જો કે હુ આજે કહુ છુ તે કુસુમ માટે કહેતો નથી પરતુ બાલવિધવાઓ પૈકી સેકડે લગભગ નેવું વ્યક્તિના હાથે પાપકૃત્ય બનેછે અને તેથી કરીને ત્હેના પરિણામે થનારા ગર્ભપાતાદિ પાતકો માટે જવાબદાર તેઓ નહી પરંતુ ત્હેમનાં માબાપ હોય છે, એમ ગમે તે સ્હમજુ મનુષ્ય કબુલ કરશેજ સાધારણ સસારસુખ જે'ને મળ્યુ હશે એવી વિધવાઓ માટે મ્હારૂ કઇ આગ્રહપૂર્વક કહેવાનુ નથી, પરતુ જે'ને સસાર સુખ શુ છે એની કલ્પના યતકિચિત્ પણ છે નહી એવી બાલવિધવાઓનો તો વિવાહ અવશ્ય થવોજ જોઇએ."

" અરે ! જવા દ્યો હવે હમણાં તે વાત ચાલો આપણે બ્હાર અ-ગાસીમાં જઇ થોડો વખત સ્વસ્થ બેસીએ. " અમૃતલાલે વાતનો અંત લાવવાના ઉદ્દેશથી કહ્યુ.

પછી તેઓ અગાસીમાં ચાલ્યા ગયા ત્હેમના ગયા પછી, ' કુસુમ ! સાંભળ્યું ને ? ' એ શબ્દો કોઇ ધીમેથી બોલ્યુ, અને કુસુમના શ્રવણે તે પડ્યા. કુસુમે પાછા ફરી જોયુ તો, ત્હેનુ મન હરી લેનાર ત્હેનો પ્રિયકર મધુકર ત્હેની દૃષ્ટિએ પડ્યો મધુકરે પ્રેમપૂર્વક કુસુમનો હાથ પકડી કહ્યુ,– " કુસુમ ! આ મધુકર હમેશા ત્હારોજ છે, સ્હમજી કે ? "

આટલુ બોલી પ્રત્યુત્તરની વાટ ન જોતાં તે ત્હાથી ચાલ્યો ગયો.

કુસુમના મનમા એકાએક આશાનો આભાસ થયો અને ત્હેની મુદ્રા પ્રફુલ્લિત દેખાવા લાગી

પ્રકરણ ૭ મું.

સુશિક્ષિત દંપતીના વિચાર.

પ્રિય પાઠક ! ચાલો આજે આપણે કમલાના શ્વસુરગૃહે જઇએ.

જુઓ આ કમલા, હમણાજ ગૃહકાર્ય આટોપીને પોતાના લપતી સાથે વાતચીત કરતી બેઠી છે. કમલાના પતિનુ નામ માધવલાલ છે તે મુબઇની વિલ્સન કૉલેજમાં શીખતો હતો ત્હેનો સ્વભાવ વિનોદી હતો અને ત્હેનો ચ્હેરો પણ સદા સર્વદા આનદી જણાતો હતો. લગ્ન થયા પછી આ-જે બે વર્ષે તે થોડા દિવસ માટે ગામ ઉપર આવ્યો હતો. કમલા રૂમમાં પગ મૂકતી કે ' આવો રાણી સાહેબ ' એ શબ્દોથી પત્નીનું સ્વાગત કર વાનો હમારા માધવલાલનો હરહમેશનો નિયમ હતો. તે ઉત્કૃષ્ટ લેખક અને વક્તા હતો ' બાલવિવાહ, ' ' પ્રૌઢવિવાહ, ' ' મદ્યપાન નિષેધ ' વિગેરે વિગેરે વિષયો ઉપર વાદવિવાદ કરવામાં તે ઘણોજ ચતુર હતો. આજે પો તાની પત્નીનો ચ્હેરો સ્હેજ ઉતરેલો જોઇ આપણા ઠઠ્ઠાખોર માધવલાલ બોલ્યા;–" કેમ રાણી સરકાર, આજે શાની વિવંચનામાં પડ્યાં છો ? "

" અરેરે ! ત્હમારી ટેવ તો હેવીને હેવીજ રહી, જ્હારેને ત્હારે બસ

ઠઠ્ઠા મશ્કરીજ !" કમલા કિંચિત્ શરમાઇ જઇ સ્મિતસુચક દૃષ્ટિથી પતી પ્રતિ નજર ફેંકતા બોલી.

"વારૂ, પણ હમણાં ત્હારી બ્હેનપણી કુસુમ કેમ નથી આવતી ? કેમ કઇ તકરાર બકરાર થઇ છે કે શું ?"

"ના, ના, તેમ નથી. તે બિચારી માનસિક ચિંતાથી દિવસ રાત ઝુર્યા કરે છે ત્હેની સ્થિતિ મનમાં લાવતા મ્હારૂં હૃદય કંપે છે"

"અલબત્ત તેમ થાયજ ! ત્હેનો પુનર્વિવાહ કરવોજ ઇષ્ટ છે હેવો મ્હારો મત છે."

'પરંતુ આ બાબતમાં ત્હેના વડીલ સંમત નથી તે !"

"કેમ વારૂ ?"

"એમ કરવાથી આપણને જ્ઞાતિબહિષ્કૃત થવું પડશે એવી ત્હેમને ભ્રાંતિ લાગે છે" કમલા બોલી, "તમે—પુરૂષોની જાત આપમતલબી અને નિષ્ઠુર છે ! તેઓ એક પત્ની જીવતી છતાં ગમે તેટલી સ્ત્રીઓ કરી શકે છે અને વિધવા સ્ત્રીઓનો પુનર્વિવાહ થાય એ વાત તેઓ ધિક્કારી કાઢે છે જેણે સંસાર સુખનો કિંચિત્ માત્ર પણ અનુભવ લીધો નથી તેવી સ્ત્રીઓનું પુનર્લગ્ન શા માટે ના થવા દેવું ! ખરેખર આપણો સમાજ અંધ છે ?"

"હેમાં શો સંશય !" હમેશના સ્વરે માધવલાલ બોલ્યો, "હું જો મરી ગયો તો મ્હારી પશ્ચાત્ તું પણ ખુશીથી પુનર્લગ્ન કરે એવી મ્હારી મહત્વાકાંક્ષા છે"

"જાઓ, જાઓ બળ્યું, આવું અમંગળ તે શું બોલતા હશો !"

"વારૂ તે તો ઠીક, પરંતુ વિધવાવિવાહ સંબંધી ત્હારો શું મત છે"

"મ્હારી એકલીના મતને શું કરવો છે ? તમારા જેવા સારા, સુશિક્ષિત, સજ્જન પુરૂષો જ્યારે અંધ સમાજની આંખો ઉઘાડી શકતા નથી તો હમારા જેવાંથી શું થનાર છે ? !"

"ખરેખર પ્રિયા ! ત્હારો વિચાર પ્રશંસનીય છે. ભારતવર્ષીઓની અવનતિના જે કારણો છે તે પૈકી બાલવિવાહ એ પણ એક છે અર્થાત્ તરૂણવર્ગ જો હિંમત ધરી માનસિક ધૈર્ય દર્શાવશે અને સમાજની અંધ રૂઢિઓ ઉપર પદાઘાત કરશે ત્હારેજ દેશની ઉન્નતીરૂપ પ્રભાકરના તેજસ્વિ કિરણોના દર્શન તે અંધ સમાજવર્ગને થશે ઇશ્વર સમાજને સુબુદ્ધિ આપો !"

સુશિક્ષિત દંપતીના આ કેટલા બધા પ્રગલ્ભ અને ઉદાત્ત વિચાર !!!

પ્રકરણ ૮ મું.

અબલાનો અનુરાગ.

કેમ અને કો'ને ખબર ! પરંતુ કુસુમનો પ્રેમ મધુકર ઉપર બંધાયો છે એ તો સત્યજ છે ! પરંતુ ત્હેમાં તે બિચારીની કોઇ પણ પ્રકારની ભૂલ્ય નહોતી આ બધો યૌવનનોજ પ્રભાવ હતો ! તો પણ એટલું ખરૂં કે તે અદ્યાપિપર્યંત શુદ્ધ હતી. સુશિક્ષણના પ્રભાવને લીધે અને સુશીલ માબાપના સહવાસને લીધે તે આડે રસ્તે વળે તેમ હતુંજ નહી માત્ર સમવયસ્ક સખી મંડળનું સુખ જોઇ, પોતાના નશીબમાં વિધાતાએ ત્હેવું સુખ નિર્માણ કર્યું નથી એ બદ્દલજ ત્હેને ખોટું લાગતું, અને તેજ ચિંતામાં રાત્રિ દિવસ તે ઝુર્યા કરતી હતી.

ત્હેના ઘરની નજીક એક ન્હાનો પણ, સુંદર બાગ હતો. ત્હાં તે હમેશાં દેવ પુજનાર્થે પુષ્પ લેવા જતી હતી આજ પણ તે હમેશ પ્રમાણે ત્હાં જઇ પુષ્પો તોડતી હતી. એટલામાં મધુકર પણ તે સ્થળે આવી પ્હોંચ્યો. ત્હેને જોઇ કુસુમનું મુખારવિંદ લજ્જાથી રક્તવર્ણ થઇ ગયું. મધુકરે પોતાના ખીસામાંથી એક પત્ર કાઢી ત્હેની આગળ નાખ્યો અને કહ્યું.—

“ કુસુમ ! આ પત્ર વાંચીને ફાડી નાખજે. ” એટલું બોલી પ્રત્યુત્તરની પણ રાહ ન જોતાં તે ત્હાંથી ચાલ્યો ગયો ત્હેના ગયા પછી કુસુમે તે પત્ર ઉંચકી લીધો અને બાગના એક ખુણા તરફ જઇ તે પત્ર ઉત્સુકતાથી વાંચવા લાગી. પત્ર નીચે પ્રમાણે હતો

“ કુસુમ ! ત્હારા જેવી બાલવિધવાને હું પત્ર લખું છું એ જો કે ખોટું છે પરંતુ ત્હારી અનુકંપનીય સ્થિતિનો મનમાં વિચાર આવતાં અને ત્હારી દીનમુદ્રા મ્હારી નજર સમીપ આવતાં મ્હને અસહ્ય યાતના થાય છે. સમાજે તો બાલવિધવાઓને સુખી કરવાનો માર્ગ રાખ્યો નથી, તેમ છતાં સમાજનો તીવ્ર આઘાત સહન કરીને પણ ત્હને સુખી કરવાની મ્હારી મહત્વાકાંક્ષા છે. કુસુમ ! તું મ્હારી થઇશ કે ? ”

કેવળ કામવશ થઇ હું ત્હારા ઉપર પ્રેમ કરૂં છું એમ નથી. મ્હને બીજી અવિવાહિત બાલિકા મળશે નહી એમ પણ નથી, પરંતુ ‘ લગ્ન ’ એટલે જન્મની ગાંઠ છે. આ કામમાં ઉતાવળ કરવી યોગ્ય નથી. જે'ની

સાથે ચીરકાલ સબંધ બંધાનાર હોય ત્હેના સ્વભાવની પ્રથમ પરીક્ષા કરી લેવીજ જોઇએ, તથા ત્હેની સાથે લગ્ન થયા પછી આપણુ જીવન સુખમય થશે હેવી ખાત્રી થાય તોજ લગ્ન કરવુ સારૂ, પતી પત્નીનો એકમેક ઉપર અતઃકરણપૂર્વક પ્રેમ હોવોજ જોઇએ કેવળ વિષય લાલસાથી અરસ્પરસ પ્રેમ દર્શાવવો એ સત્ય જોતાં પ્રેમ નથી પતી પત્નીનુ હૃદય એકરૂપ થાય ત્હેનુ નામજ પ્રેમ ત્હારેજ આ કટકપૂર્ણ સસાર સ્વર્ગતુલ્ય થાય.

કુસુમ ! તુ હવે કઇ ન્હાની નથી. ત્હારૂ હિત અહિત શામા છે તે તો તુ સારી રીતે જાણે છે તો પછી લોકનિદાની તુ આટલી બધી બ્હીક શા માટે રાખે છે ? લોકોને શુ ? તે તો બબડયાજ કરવાના—નિંદા કર્યાજ કરવાના હેમના મ્હોડાને કોણ ડાબી શકે ?

ત્હારા જેવી કેટલીય બાલવિધવાઓને પોતાના માબાપના મુર્ખપણાનું ફળ ભોગવવુ પડે છે હાવી સ્થિતિમા ત્હેમને સુખી કરવાનો માર્ગ સમાજે પ્રચારમા નહીં મૂકયાથી તેઓ દુરાચારમાં પ્રવૃત્ત થાય છે નિષ્પાપ એવી બાલવિધવાઓ વિરલજ હોય છે. યદાકદાચિત્ જો હાથે દુષ્કર્મ નથી થતુ તો ત્હેમના મનમા પણ હેવા પ્રકારના વિચારો આવ્યા શિવાય રહેતા નથી

હિંદુધર્મને સમાજરૂઢિએ જકડીને બાધેલો હોવાથી દિવસે દિવસે આપણી ઉન્નતિ થવાને બદલે ઉલટી અવનતિજ થાય છે. હિદુ પ્રજાની ઉલટ દિવસે દિવસે ઓછી થતી જાય છે, અને લોકોની પ્રવૃત્તિ અનાચાર પ્રતિ વિશેષ વળી છે તો પણ હજુ સમાજનાં નેત્રો ઉઘડતાં નથી, એ દુર્દૈવ નહી તો બીજુ શુ ?

કુસુમ ! આ વાતનો પૂર્ણપણે વિચાર કર, અને વૈધવ્યપકમાં પડેલી એક દીન ગાયનો ઉદ્ધાર કરવાનુ એક મહત્પુણ્ય મ્હને પ્રાપ્ત કરવા દે વિશેષ શુ લખુ ?"

પ્રેમાકાક્ષી

મધુકર.

કુસુમે આ પત્ર એક વખત, બે વખત નહી પરતુ દશબાર વખત પુનઃ પુનઃ વાચ્યો તોપણ ત્હેની તૃપ્તિ થઇ નહી ઘણીવારે એક દીર્ઘ નિશ્વાસ નાખી કુસુમ આત્મગત બોલી,—" અહા ! મધુકર, આપના વિચાર કેવા ઉત્તમ પ્રકારના છે ! મ્હારા જેવી હજારો વિધવાઓ જન્મથીજ—બાલ્યા વસ્થાથીજ આંધળા જેવી થઇ ગઈ હશે ! હાય ! ઇષ્ટ ! ત્હને પણ હમારા

ઉપર દયા નથી આવતી ? મ્હારા જેવી કેટલી બાલવિધવાઓ મનમાં ને મનમાં હાવી દુઃખદાયક યાતના સહન કરતી હશે અથવા આત્મઘાત કરવામાં પ્રવૃત્ત થતી હશે ? બાલવિવાહને લીધે કેટલી બાલહત્યાઓ અને અનાચાર થતા હશે ! હાય ! હાય ! દુનિયામા હમારૂ કોઈજ નથી ને ? નિષ્ઠુર સમાજને પણ હમારા ઉપર દયા આવતી નથી, તો પ્રભુ સમાજ પ્રમાણે તુ પણ હમારા પ્રતિ નિષ્ઠુરદૃષ્ટિથી શા માટે જુએ છે ? ત્હારી મરજી ! "

એક ક્ષણ પછી તે પુન સ્વત બોલી,-' મધુકર ! હમારી વાણી કેવી મધુર છે ! વર્તન પણ કેવું શુદ્ધ છે ! આપની ઇચ્છાનુસાર સર્વે યોગ પાર પડે તો હું કેટલી બધી સુખી-ભાગ્યવાન્ થાઉ ! મધુકર ! હુ આપનીજ છુ. મ્હારા ફુટેલા નશીબમાં જો મ્હારો આપ સાથે વિવાહ ન થયો તો હું આ જન્મ આપના નામનાજ જપ કર્યા કરીશ ! મ્હારા મનથી હું આપની મધુર મૂર્તિને ક્યહારનીયે વરી ચૂકી છુ "

ધીમે ધીમે તે વિચાર લહરીમાંથી જાગૃત થઇ, અને તરતજ ઘર તરફ જવાં નીકળી.

પ્રકરણ ૯ મું.

પ્રણયપ્રતિજ્ઞા.

આજે લગભગ એક અઠવાડીએ કુસુમ પાછી દરરોજના નિયમાનુસાર બાગમાં પુષ્પ ચુટવા માટે આવી છે આ વખતે ત્હેના મનમાં અસખ્ય વિચારો ઉપસ્થિત થતા હતા ત્હેની મુખમુદ્રા ઉપર ચિતાની કિચિત છટા પ્રસરેલી દેખાઇ આવતી હતી તે પુષ્પો એકત્ર કરતી હતી ખરી, પરતુ ત્હેનાં નેત્રોને જ્યહાં ત્યહાંજ-સર્વત્ર મધુકરની રમ્ય મૂર્તિના દર્શન થતાં હતાં એટલામાં ત્હેના ખભા ઉપર કોઇએ ધીમેથી હાથ મૂક્યો તરતજ ત્હેણે દૃષ્ટિ પાછી ફેરવી તો ત્હેનો ચિત્તચકોર મધુકર ત્હેની નજરે પડયો. તે સાથેજ ત્હેણે શરમથી લજ્જિત થઇ નીચુ જોયું કોણ જાણે શાથી ત્હેના નેત્રોમાં આંસુઓ ઉભરાઇ આવ્યાં કુસુમે પોતાના મનોવિષાદને અટકાવવાની પુરા

ક્ષણ કરી, પરંતુ વ્યર્થ ! દીર્ઘ કાલ પર્યંત બન્ને જણે–પ્રણયીયુગ્મે મૌન ધારણ કર્યું. છેવટે મધુકરે પૂછ્યુ,–' કુસુમ ! તુ રડે છે શા માટે ? "

પ્રશ્નનો જવાબ ન આપતાં કુસુમ વધારે અશ્રુપાત્ કરવા લાગી એ જોઇ મધુકરે પુન પ્રશ્ન કર્યો,–" કુસુમ ! તુ શા માટે રડે છે ? મ્હને કહે તો ખરી ! "

" મ્હારા રડવાનું કારણ જાણવાનુ આપને શુ કામ છે ? "

"કેમ વારૂ ! ત્હને જે વાતથી દુ ખ ઉદ્દભવે છે, તે સ્હમજી લઇ ત્હારો હ્રદયભાર ઓછો કરવાનુ કાર્ય કરવુ એ મ્હારૂ કર્તવ્ય ખરૂં કે નહી ? "

" પણ–પણ મ્હારાથી આપને તે કહી શકાતુ નથી. "

"ત્હારી મરજી, પરતુ મ્હે ત્હને અગાઉ જે પત્ર આપ્યો હતો તે માટે તો ત્હને ગુસ્સો ઉદ્દભવ્યો નથી ને ? "

" ના. "

" ત્હારે ત્હે તે પત્રનો–અર્થાત્ મ્હારા લખાણનો–સુક્ષ્મપણે વિચાર કર્યો છે કે ? "

કુસુમે જવાબ આપ્યો નહી

કેટલાક વખત પછી મધુકર પુન બોલ્યો,–" કુસુમ, તુ મ્હારૂ સર્વસ્વ છે, મ્હારી સૌખ્યદાત્રી છે, પ્રિયે, જો શકય હોત તો હુ મ્હારૂ હ્રદય ચીરીને ત્હને ત્હેની અન્દર ત્હારી પ્રતિમા બતાવી આપત આશાનાં મદ કિરણોથીજ મ્હારો જીવનસુર્ય અદ્યાપિ પ્રકાશિત છે. સમાજ–નિર્દય સમાજ જો કે આ પણી વિરૂદ્ધ છે તોપણ મ્હારી આશા અવિચળ છે તુ મ્હારી થઇશ કે નહી હેના–હા કે ના ના–જવાબ ઉપરજ અવલબીને મ્હારૂ જીવન રહેલુ છે. તું એક વખત સ્પષ્ટતાથી સર્વ ખુલાસો કર "

" ક્રોધે ન ભરાશો મ્હને તો કઇજ સૂઝતુ નથી હુ–હુ આપની કેવી રીતે થઇ શકીશ? " ધીમેથી વિનયપૂર્વક કુસુમે શકા દર્શાવી

" કેમ વારૂ ? ત્હારી ઇચ્છા–ત્હારી ઇચ્છાનીજ જરૂર છે, મ્હને લોક-નિદાની પરવા નથી ત્હારા સહવાસમા હુ મ્હારૂ જીવન આનદથી વ્યતીત કરીશ ત્હને સુખી કર્યાથી હુ પણ સુખી થઇશ "

કુસુમે કેટલોક વિચાર કરી પ્રત્યુત્તર આપ્યો,–" પરતુ મ્હને હવે સુખની અપેક્ષા નથી ફક્ત આપનાજ પ્રેમની મ્હને અપેક્ષા છે. પરતુ મ્હે આપનો મહાન્ અપરાધ કર્યો ઇ આપના હ્રદયમા અમૃતનુ સિચન ના કરતાં મ્હેં રાક્ષસીણીએ વિષનુ સિચન કર્યુ છે. "

"કે'વી રીતે ?"

"આપની આશાની નિરાશા."

"કેમ વારૂ ? હવે નિરાશા કેવી ?"

"થોડા દિવસનીજ."

"તુ શુ કહેવા માગે છે એ હુ સ્પષ્ટ સ્હમજી શકતો નથી"

"પિતાશ્રી આપણા વિવાહની સમતિ કેવી રીતે આપશે ?"

મધુકરના મસ્તક ઉપર વજ્રપાત થયો. ત્હેણે એક દીર્ઘ નિશ્વાસ મૂકયો.

કુસુમ પુન બોલી,–"ગુસ્સે ના થશો, પરતુ હુ આપને કહુ છું કે આપ મ્હને વિસરી જાઓ માતાપિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરી હુ આપની સાથે કેવી રીતે વિવાહ કરૂ ? મ્હારા માટે આપ આપના સુખનો નાશ કરશો નહી. ખુશીથી કોઇની સાથે વિવાહ કરો. આપને સુખી જોઇ હુ ખુશી થઇશ–મ્હને ઘણોજ સતોષ થશે આપને બાલબચ્ચાં થયેલા જોઇ હુ મ્હને કૃતકૃત્ય માનીશ. ત્હેમને હુ ઘણાજ આનદથી રમાડીશ, અને તેમ થશે એટલે ધીમે ધીમે આપનુ મનોદુખ વિસારે પડશે"

બોલતાં બોલતાં કુસુમ અશ્રુપાત્ કરવા લાગી ત્હેનો કઠ ભરાઇ આવ્યો. ત્હેનાથી આગળ બોલી શકાયુજ નહી.

મધુકરનુ મસ્તક ભમવા લાગ્યુ ત્હેના નેત્રો પણ આસુથી ભરાઇ આવ્યાં ઘણા વખત સુધી શન્યદૃષ્ટિએ તે જમીન તરફ જોઈ રહ્યો. છેવટે તે બોલ્યો,–"કુસુમ, વ્હાલી, હુ ત્હને ભૂલી શકુ ? નહી નહી, તેમ તો કાલાંતરે પણ બની શકશે નહી. કુસુમ ! જ્યહા સુધી મ્હારા દેહમાં પ્રાણ છે ત્યહાં સુધી તો તેમ બનવુ અશકય છે કુસુમ, માતાપિતાની આજ્ઞાનુ ઉલઘન કરવાનુ તુ નથીજ માગતી તો હુ પણ આ જન્મ અવિવાહિત રહી ત્હારૂ સ્મરણ રાત્રિ-દિવસ કર્યાં કરીશ અરે ! ત્હારા સ્મરણ ઉપર–ત્હારી પ્રેમપ્રતિમા જોઇ મ્હારાં નેત્રોમાથી જે આસુ વહેશે તેથીજ હુ મ્હને એક પ્રેમી આત્મા તરીકે ભાગ્યશાળી લેખીશ."

"મધુકર ! હુ હાથ જોડુ છુ આપજ સ્હેજ વિચાર કરી જુઓ કે હાલ હુ કે'વી સ્થિતિમા છુ ? આપ એક એક વખત વિવાહ કરો એટલે કાલાંતરે પણ પણ મ્હને ભૂલી શકશો"

મધુકરે આગળ આવી કુસુમનો હાથ પકડ્યો અને આકાશ પ્રતિ દૃષ્ટિ કરી નિશ્ચયાત્મક સ્વરે તે બોલ્યો,–"હે પચમહાભૂતો ! હુ ત્હમારી સમક્ષ પ્રતિજ્ઞા કરૂ છુ કે હુ આ સ્વર્ગ દેવીનુજ પાણી ગ્રહણ કરીશ. હાના શ્રિ-

વાય સર્વ સ્ત્રીઓ મ્હારે માતા તથા ભગિની તુલ્ય છે હે અંતર્યામિન ! તું પણ આ હકીકતમાં સાક્ષી રહેજે

"અને હુ પણ સાક્ષી રહીશ "હસતી હસતી કમલા બોલી કુસુમને મળવા માટે તે ત્હેને ઘેર આવી હતી, પરતુ કુસુમ ઘેર નહી હોવાથી તે બાગમાં ગઇ હશે એમ ધારી ત્હેની શોધાર્થે તે બાગમાં આવી હતી. મધુકરના છેવટના શબ્દો ત્હેના શ્રવણે પડયા હતા

કુસુમને અને મધુકરને—બન્નેને કમલાને જોઇ ઘણુ આશ્ચર્ય લાગ્યુ તેઓ શરમાઇ ગયાં મધુકર તો તત્ક્ષણ ત્હાંથી ચાલ્યો ગયો

કમલાએ કુસુમના મુખ પ્રતિ જોયુ તો ત્હેનાં સરોજતુલ્ય નયન લાલ થયલાં અને મુખમુદ્રા મ્લાન થઇ ગયલી ત્હેની નજરે પડી. હાવો પ્રકાર જોઇ કમલાને પણ ઘણુ આશ્ચર્ય લાગ્યુ

પ્રકરણ ૧૦ મું.

દુર્દશા.

પ્રણય એ હેવી કઇક ચમત્કારિક વસ્તુ છે કે તે દિવસે દિવસે ઓછી ન થતાં ઉલટી વૃદ્ધિ ગત જ થતી જાય છે મધુકર અને કુસુમ એ બન્ને વચ્ચે પણ આમજ થયુ ત્હેમનો પરસ્પરનો પ્રેમ દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યો કુસુમ તો કહારનીયે મધુકરની થઇ ચુકી હતી, તો પણ અદ્યાપિ તે શરીરે પવિત્ર હતી પરતુ સ્નેહનો સ્વતત્ર સ્વભાવ હેવો છે કે સ્નેહિજનોને અરસ્પરસનાં વારવાર દર્શન કર્યા શિવાય ચેન પડતુ નથી કુસુમને પણ મધુકરનાં દર્શન કર્યા વિના ચેન પડતુ નહી તે ગમે તે નિમિત્તથી હરનિશ મધુકરની મુલાકાત લેતી હતી પ્હેલા તો કુસુમ શરમાતી હતી પરતુ હવે ત્હેની શરમ ઘણેખરે ભાગે વિદાય થઇ ગઇ છે પરતુ આશ્ચર્યની વાત તો એજ છે કે હાવા સયોગોમાં પણ તે શુદ્ધજ હતી આટલો અગાધ પ્રેમ, યૌવનાવસ્થા, અને એકાત સ્થળની અનુકૂલતા હોવા છતાં કુસુમે પોતાનુ સતીત્વ સાચવી રાખ્યુ હતુ, એ શું આશ્ચર્યયુક્ત નથી ? પરતુ આશ્ચર્ય કે'વુ ! ઘરનુ ઉત્તમ નીતિશિક્ષણ અને વિદ્યાભ્યાસ તથા ધાર્મિકવૃત્તિ હોવા

ત્હેના ગુણો તથા વિચારોને લીધે તે આડે રસ્તે જાય તેમ હતુંજ નહી. અને તેથીજ હમારી નવલનાયિકા કુસુમ ધન્યવાદને પાત્ર છે.

પરતુ બીજાના દોષ શોધી કાઢી ત્હેમાંજ આનંદ માનનારા 'હરિના લાલ' કઇ આ દુનિયામાં થોડા નથી. આ પ્રણયીયુગ્મના પવિત્ર પ્રેમમાં સુદ્ધાં હેવા લોકોને સશય આવવા લાગ્યો, અને તેઓના આ સશયે ધીમે ધીમે ગભીર સ્વરૂપ ધારણ કર્યું ધીમે ધીમે ઉપર્યુક્ત નીચ માણસોની ચર્ચાંથી આ હકીકત સમાજમાં જાહેર થઇ, તથા લોકોની ચર્ચાનો એક મુખ્ય વિષય થઇ પડી

કેટલોક વખત વીત્યાત્મા તો આ હકીકત રૂક્ષ્મણીને કાને પણ આવી પ્હોંચી અને ત્હેને શ્રવણે આ સમાચાર આવતાજ ત્હેના મસ્તીક ઉપર વજ્રપાત થયો સશય પિશાચિકાઓએ ફસાવવાને લીધે ત્હેના મનમાં પણ સરલહૃદયી, પવિત્ર કુસુમના વર્તન સબધી સશય આવવા લાગ્યો ત્હેણે એક વખત સધી સાધીને કુસુમને કહ્યું,–" કુસુમ ! તુ કઇ હવે ન્હાનીનથી. તેજ પ્રમાણે મધુકર પણ કંઇ બાળક નથી "

. કુસુમે હાનો કઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહી માત્ર એક એકાંત સ્થળે જઇ ત્હેણે ઘણા વખત સુધી રડયા કર્યું પોતાની માતાના મનમાં પણ પોતાના માટે સશય ઉદ્ભવેલો જાણી ત્હેને ઘણુજ લાગી આવ્યુ. ચાર છ દિવસ સુધી તો તે મધુકરને મળી સુદ્ધા નહી પરતુ પ્રેમપ્રવાહ ક્યહાં સુધી અટકી શકે ? પુન તે મધુકરને મળવા લાગી

ગૃહકૃત્યાદિકૃત્યોથી નિવૃત્ત થઇ અવકાશના સમયે ગપાસ્ટકો છોડ-વાનો અને બીજાઓની ખોટી નિદા કરવાનો આપણી હિદુલલનાઓનો ઘણે ખરે રિવાજ જોવામા આવે છે ફક્ત ત્હેમાં સમાધાનની વાત એટલીજ છે કે આવી બૈરક પાર્લામેન્ટમાં સુશિક્ષિત સ્ત્રીઓ ભાગ લેતી નથી. હમારી કુસુમ સબધી પણ આ સ્ત્રી પાર્લામેન્ટમાં ચર્ચા ચાલી. કેટલીક સ્ત્રીઓએ તો પોતાના મ્હોંની લગામો એટલી બધી છોડી દીધી કે બિચારી રૂક્ષ્મણીની ચાળીસ પેઢીઓનો ઉદ્ધાર થવા લાગ્યો મહાન્ આંગ્લકવિ શેકસપિઅરે કહ્યું છે કે.—

'Two women placed together, make cold weather.' એ તદ્દન સત્ય છે

થોડા વખત પછી આ વાત અમૃતલાલના કાને પણ આવી તેથી ત્હેમને પણ ઘણુ લાગી આવ્યુ. તેઓ વિચારી હોવાથી ત્હેમણે મધુકરને

બોલાવી બે ચાર બોધનાં વાકયો કહ્યાં, પરંતુ મધુકરનો પ્રણયાગ્નિ ઉલટો અધિકજ સળગી ઉઠયો. પ્રણયાકાંક્ષી અને ઉન્મત્ત એ બન્નેની સ્થિતિ સરખીજ હોય છે. મનોવિકાર આગળ બુદ્ધિમત્તાનુ પણ કંઇજ ચાલતુ નથી એ અનુભવસિદ્ધ છે. મધુકર સાથે વાતચીત કરવાની કુસુમને પણ ત્હેમણે મના કરી. પરતુ તેથી તો કુસુમની સ્થિતિ ઘણીજ કરૂણાજનક થઇ પડી. ત્હેનું હૃદય અસ્વસ્થ થયુ ત્હેની મનોવ્યથા વધી પડી, અને તે દિવસ રાત ઝૂરવા લાગી

કુસુમની અવસ્થા જોઇને ત્હેના માતાપિતાને પણ ખેદ થવા લાગ્યો પણ કરે શુ ?

માનસિક ચિતા જેવો ભયકર રોગ આ દુનિયામાં બીજો કોઈ નથી. કુસુમને પણ આ રોગને આધીન થવુ પડયુ ત્હેના ચ્હેરા ઉપરની ધવલતા ધીમે ધીમે નાશ પામતી ચાલી અને ત્હેને સ્થાને ફિક્કાશ આવવા લાગી ત્હેનો તેજસ્વી ચ્હેરો દિવસે દિવસે મ્લાન થતો ચાલ્યો. ધીમે ધીમે તે કૃશ થવા લાગી. એકાંતમાં બેસી આંસુ પાડવાં એજ હવે ત્હેનો વ્યવસાય થઇ પડયો

અરેરે ! કુસુમની દુર્દશા જોઇ કો'ને દયા તથા દુખ નહી લાગે વારૂ

પ્રકરણ ૧૧ મું.

વિયોગ.

Death, only Death can break the lasting chain.
—Pope

When sorrows come, they come not as single spies, but in battalions. PROVERB

જ્યહારે દુખ આવી પડે છે ત્યહારે તે એકલુ નથી આવતુ, પણ સાથે ઘણાં સકટો સાથે લાવી તે માણસના ઉપર પોતાની સત્તા ચલાવી ત્હેને દુખી કર્યા કરે છે, એ સર્વ કોઇને માહિતજ છે દૈવ પણ કેવો વિચિત્ર છે તે પણ જુઓ તો ખરા ? ચિતાના માનસિક વ્યાધિથી ધીમે ધીમે કુસુમને ઉદરરોગ થયો. લોક ચર્ચાને પુષ્ટિ મળી અમૃતલાલ અને રૂક્ષ્મણીને દુનિયામાં મ્હોં બતાવવાની પણ શરમ લાગવા માંડી. ક્રોધના આવેશમાંજ અમૃતલાલે મધુક-

રને યદ્દાતદ્દા કહ્યું જનસમાજમાં પણ મધુકરને છિ. થુઃ થવા લાગી. હેવું એઇ ત્હેને પણ માઠુ લાગ્યુ અને તે કરાંચી ચાલ્યો ગયો. હું સર્વથા નિર્દોષ છુ હેવું તે જાણુતો હતો અને ત્હેને ખાત્રી હતી કે ક્યહારે પણ સત્યાસત્યનો નિર્ણય થયા શિવાય રહેનાર નથી પરંતુ જતી વખતે કુસુમને તે મળી શકયો નહી તે બદ્દલ ત્હેને વિશેષ લાગી આવતું હતું.

કુસુમનો ઉદરરોગ દિવસે દિવસે વધવા લાગ્યો એક તો પ્રાણાધિક મધુકરનો વિયોગ, બીજું વૃથા લોકોપવાદ અને ત્રીજુ શારીરિક વ્યાધિ આ કારણોને લીધે ત્હેનો જીવ પણ નહી જેવોજ થઇ રહ્યો લોકોમાં હેવી વાત ઉડી રહી કે કુસુમને દહાડા રહ્યા છે ત્હેને ઉદરરોગ થયો છે એવી કોઇને કલ્પના પણ નહોતી. ખુદ કુસુમની માતાનો—રૂક્ષ્મણીનો સુદ્ધાં હેવો આગ્રહ હતો. તો પણ ત્હેણીએ ગભીરતા ધારણ કરી હતી કારણ ગમે તેટલુ તો પણ માતાનુ હૃદય હતુ !

એક વખત તે બોલી,–" કુસુમ, બેટા, ત્હે શુ કર્યું ? "

કુસુમ આશ્ચર્યચકિત્ થઇ બોલી,–" મ્હે શુ કર્યું મા ?"

" બેટા !" રૂક્ષ્મણી બોલી " હવે તે વાત મ્હારાથી છૂપી રાખવાનુ શુ પ્રયોજન ?"

કુસુમનાં નેત્રોમાં આંસુ ઉભરાઇ આવ્યાં માતાને પગે પડી તે ગદ્દગદ્દ સ્વરે બોલી,–" માતા ! હુ ત્હારા ચરણોના સોગન લઇ કહુ છુ કે મ્હારા હાથે કોઇ પણ પ્રકારનુ પાપકર્મ બનવા પામ્યુ નથી મ્હારા પેટમાં રોગ થયો છે અને તેથી તહમે ફાવે તેમ કલ્પના કરો છો માતા, થોડા દિવસ ધૈર્ય ધર, પછી તહને હુ સત્ય કહુ છું કિવા અસત્ય ત્હેની ખબર પડશે. હુ તહમારા પેટે જન્મ લઇ તહમારા દુ:ખનુ જ કારણ થઇ પડી અરેરે ! તે કરતાં હુ જન્મ પૂર્વેજ મરણને શરણ થઇ હોત તો ઘણુજ સારૂ થાત "

પુત્રીનુ ઉપર્યુક્ત કથન સાંભળી રૂક્ષ્મણી ત્યહાંથી ચાલી ગઇ થોડાજ વખતમાં એક દાયણ કુસુમની રૂમમાં આવી અને બોલી;–" કુસુમ બ્હેન ! હું શા માટે આવી છુ તે તહમે જાણો છો ?"

" ના. " કુસુમે નિર્દોષતાથી પ્રત્યુત્તર આપ્યો.

" ના કેમ ? આ વખત મશ્કરીનો નથી. જે કઇ સત્ય હોય તે કહી દો, એટલે થયું. "

" શું કહું ? મ્હારૂં કપાળ !"

" કુસુમ બ્હેન ! ગુસ્સે ન થશો તહમને દહાડા રહેલા છે અને ગર્ભ-

પાત કરવા માટે મ્હને ત્હમારી માતાએ મોકલી છે. ત્હમે બ્હીશો નહી. તા- રૂણ્યાવસ્થામાં હાવાં કાર્યો ઘણાં જણને હાથે બને છે. આ જુઓ હું ત્હમને એક પ્રકારનું ઔષધ આપું છું, તે ત્હમે ખાઓ, એટલે એક બે દિવસ માં બધું યથાસ્થિત થઇ જશે, "

કુસુમને ઘણોજ ક્રોધ ઉદ્‌ભવ્યો તે ગુસ્સો પ્રદર્શિત કરતી બોલી;–"તું મહેરબાની કરી અહીથી ચાલી જા, એક તો હુ મ્હારા દુર્દૈવને લીધે હું બાલવિધવા થઇ અને તે દુ ખાગ્નિને વધારે પ્રજવલિત કરવા ત્હારા જેવી સ્ત્રીઓ તૈયારજ ! મ્હને તુ કહે છે ત્હેમાંનુ કશું નથી, અને યદાકદાચિત હશે તો ત્હારા જેવીની સાહ્યની મ્હને જરૂર નથી શિવ ! શિવ ! ત્હારૂ કથન સ્હાંભળી મ્હારૂ હૃદય કપી ઉઠે છે જા બ્હેન, અહીથી કૃપા કરીને હવે જા"

"હુ તો જાઉ છુ ! મ્હારૂ શુ નુકશાન થઇ જવાનું છે ?" હેવુ બડબડતી દાયણ ત્હાંથી ચાલી ગઇ

તે દુષ્ટ દાયણ પોતાને ઘેર જતાં જતાં જે કોઇ રસ્તે મળે ત્હેને કહે- તી ચાલી કે કુસુમને દહાડા રહ્યા છે વિઘ્નસતોષી લોકોને માટે આટલુજ બસ હતુ હવે તો લોકનિંદાને વધારે પુષ્ટિ મળી

અરેરે ! ગતભર્તૃકા યુવતીની શુ સર્વત્ર હાવીજ દશા થતી હશે ? નહો, આવી સ્થિતિ ફક્ત આ આર્યાવર્ત્તમા, ફક્ત હિંદુ સમાજમાજ છે, અન્યત્ર નથી આર્યાવર્ત્તની અવનતિના જે કાંઇ કારણો છે તે પૈકી આ પણ એક છે દુર્ભાગ્ય આપણા ભારતવર્ષનુ—હિંદુ જનસમાજનુ ! એક વખતે ઉન્નતિરૂપી સૂર્યનાં કિરણોથી પ્રકાશિત થયલો ભારતવર્ષ, સાપ્રતની અધોગતિ માથી ક્ય્હારે મુક્ત થશે ? કોણ જાણે ? ભવિષ્ય અજ્ઞાત છે. જે થયુ તે જોયુ અને જે થશે તે હવે પછી જોઇશુજ

પ્રકરણ ૧૨ મું.

અનુશોચના.

કરૂણાસાગર ઇશ્વર પણ દયાહીન દેખાવા લાગ્યા, નહી તો એક નિર્દોષ અબલાની હાવી દુર્દશા કેમ થાય ? કુસુમની માનસિક વ્યથા દિવસે દિવસે વધ- તી જતી હતી, જો કુસુમનાં માબાપ હવે વિશેષ દિવસ ત્હેને ઘરમાં રાખશે તો

ત્હેમને જ્ઞાતિબહિષ્કૃત કરવામાં આવશે હેવી જનસમાજમાં ચર્ચા ચાલતી હતી, અને તે ચર્ચા જલદીથીજ અમૃતલાલના સુધી આવી પ્હોંચી તેથી તે ઓ ઘણા ગભરાયા અને શુ કરવું ત્હેના વિચારમા પડયા.

"અરેરે! મ્હે તેજ વખતે કુસુમનો પુનર્વિવાહ કેમ કરી નાખ્યો નહી? તેમ કર્યું હોત તો જ્ઞાતિબહિષ્કૃત થવુ પડત એ ખરૂ, પરંતુ આજની માફક લોકોપવાદતો આટલા બધા ન સાભળવા પડત! તેજ વખતે જો મ્હેં હરિલાલની સલાહ! પ્રમાણે કુસુમનુ પુનર્લગ્ન કર્યું હોત તો તે બિચારી પણ સુખી થાત.' ઇત્યાદિ વિચાર હવે અમૃતલાલના મનોપ્રદેશમાં ઘોળાવા લાગ્યા—જ્ઞાતિબહિષ્કાર શસ્ત્રથી બ્હી જઇને તે વૃદ્ધ પિતાના નેત્રોમાંથી આંસુ ટપકવા લાગ્યાં એટલામાં રૂક્ષ્મણી ત્હા આવી પ્હોચી અને પતીને અશ્રુપાત્ કરતા જોઇ ગદ્‌ગદ્ સ્વરે ત્હેણે પૂછ્યું,—"આપ રડો છો શા માટે?"

પત્નીનો પ્રશ્ન સાભળતાંજ અમૃતલાલ એકદમ સાવધ થયા અને નેત્રો લુછતા બોલ્યા,—"કોણ રડે છે?"

"નાથ? થઇ વાત થઇ ગઇ ત્હેનો હવે ઉપાય નથી આપને મ્હારા બધુએ કહ્યુ તે પણ આપે માન્યું નહીં હવે તો તે વયમા આવી છે તે બિચારીનો શુ દોષ? કર્મમાં હતુ તે થયુ તે વખતેજ મ્હે ત્હેનો પુનર્વિવાહ કરી નાખો એમ આપને કહેલું પણ આપે જણાવ્યુ હતું કે લોકો નિંદા કરશે, હવે પણ નિંદા તો થાય છેજ ને? લોકોનાં મ્હોડે હાથ કોણ મૂકે? જ્ઞાતિબહિષ્કૃત થવાની બ્હીકથી શુ આપ પુત્રીનો ત્યાગ કરશો કે? વાહ!" રૂક્ષ્મણી બોલી

"ત્હારે હવે શું કરવુ તે તુજ કહે જોઉ વારૂ?" અમૃતલાલે પૂછ્યુ

"કરવાનુ શુ છે? જ્ઞાતિબહિષ્કૃત થવુ પડે ત્હેની હરકત નહી પરંતુ કુસુમનો ત્યાગ તો નજ કરવો, એજ ઉત્તમ માર્ગ છે!"

અમૃતલાલ નિરૂત્તર રહ્યા

હે પ્રભુ! શુ આર્યાવર્તસ્થ હિંદુ વિધવાઓનાં માબાપો પણ હાવી ચિંતારૂપી અગ્નિથી બળતાં હશે? કેટલી બધી શોચનીય વાત! આવી ઘટનાનો શીઘ્ર પ્રતિકાર થવોજ જોઇએ, નહી તો ઉન્નતિની આશા વ્યર્થજ છે!

પ્રકરણ ૧૩ મું.

રૂઢિની સત્તા.

વિદ્વાનોના મત સર્વ દેશોમાં સર્વ કાલે સરખાજ હોય છે. પ્રથમ પ્રકરણના આરંભે જણાવેલી અવતરણિકા 'शास्त्राद्रुढिर्बलियसि' અને આંગ્લકવિકુલગુર શેકસપિઅર એની દીર્ઘદષ્ટિનાં કાર્યોનો ભંગ કરવા કરતાં રૂઢીનો ભંગ કરવાને માટે લોકોને વિશેષ વિચાર કરવો પડે છે એ ઉક્તિ પણ પ્રથમની અવતરણિકાને મળતીજ છે.

કોઇનુ પણ સુદૈવ કિંવા દુર્દૈવ એકદમ પૂર્ણ થતુ નથી, આ સર્વ સાધારણ નિયમાનુસાર કુસુમનુ દુર્દૈવ પણ હજુ પૂર્ણ થાય એમ જણાતું નથી. ઈશ્વરી કૃપા કહો કિંવા અવકૃપા કહો પરંતુ કુસુમના પેટમાંનો ઉદર રોગ કેટલાક દિવસે સંપૂર્ણ નષ્ટપ્રાય થઇ ગયો, તો પણ છિદ્રસંતોષી લોકો કંઇ ચિત્રવિચિત્ર કલ્પનાઓ કરવા લાગ્યા.

અમૃતલાલને હવે લોકોને મ્હોં બતાવવાની પણ શરમ લાગવા માંડી. પ્રસંગ વિના ત્હેમને ઘેર કોઇ આવતુ જતુ પણ નહી હાવી વિટંબના જોઇ અમૃતલાલને અતિશય દુ:ખ થયુ. ત્હેમણે હવે પોતાની પુત્રીનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો કુસુમને પોતાની પાસે બોલાવી ત્હેમણે કહ્યુ,—

" કુસુમ ત્હારા લીધે હવે હમારે આ દુનિયામાં મ્હો બતાવવાનુ પણ રહ્યુ નથી હમને સર્વત્ર લોકો ધુતકારી કાઢે છે હવે આ અપમાન મ્હારાથી સહન થતુ નથી ત્હને હવે તો કોઇ દૂર સ્થળે મોકલી દેવાનો મ્હે નિશ્ચય કર્યો છે. ત્હાં તુ સુખે રહેજે હુ ત્હારા ઉદરનિર્વાહની તે ઠેકાણે ઉત્તમ પ્રકારની સગવડ કરીશ, સ્હમજી કે ? "

પિતાનુ કથન સાભળી કુસુમ રડવા લાગી ને રડતી રડતી બોલી,— " પિતાશ્રી ! ત્હમે પણ આટલા બધા નિષ્ઠુર શા માટે થાઓ છો ? આ દુનિયામા હવે મ્હને આપના શિવાય બીજો કોનો આશ્રય છે ? "

" સઘળુ ખરૂ, પરંતુ બેટા ! " અમૃતલાલ અશ્રુ ઢાળતાં બોલ્યા,—"હવે તો આ લોકનિંદા હુ સહન કરી શકતો નથી "

પિતાના શબ્દો સાંભળી કુસુમ ધડાક લઇને મુર્છિત થઇ જમીન ઉપર પડી.

અરેરે ! રૂઢિની આ કેટલી બધી પ્રબળ સત્તા ? વાત્સલ્ય પ્રેમ પણ

ત્હેનાથી ખ્હીતો ફરે છે ને ? દુર્દૈવ ! ભારતવર્ષીય આર્યોનાં હૃદયો આટલાં બધાં દયાશૂન્ય છે ! દુષ્ટ નરાધમોએ કરેલી નિંદાના કારણથી પોતાના પેટનાંજ સંતાનોનો ત્યાગ ! અરેરે ! તે રૂઢિ જહન્નમમાં જાઓ !

સમાજ ! નિષ્ઠુર સમાજ ! અદ્યાપિ ત્હારાં નેત્રો ઉઘડતાં નથી ને ?

પ્રકરણ ૧૪ મું.

નિરાશાનો આશ્રય.

કમલા અને કુસુમને ઘણો ગાઢો સબધ છે, એ પાઠકોના લક્ષ્યમાંજ છે. તે પોતાનાં માબાપની રજા લઈ કુસુમને ઘેર ત્હેને મળવા આવવા લાગી. પરતુ વિઘ્નસતોષી લોકોથી એટલુ પણ જોઇ શકાયુ નહી. જો કુસુમને ત્હા જશો તો તમને ન્યાત બ્હાર મૂકવામાં આવશે હેવી ધમકી તેઓ કમલાને આપવા લાગ્યા, તેથી કરીને કમલાએ કુસુમને પોતાના એક દૂરના સગાને ઘેર લાવી રાખી ત્હા તે હમેશા જઇ આવતી. કેટલીક સજ્જન સ્ત્રીઓ પણ ત્હા આવતી અને બે ચાર સમાધાનની વાતો કરતી હતી. કુસુમ એકાત હોય ત્હારે આસુ ઢાળતી, મધુકરની પ્રતિમાનુ હૃદયમાં ધ્યાન ધરી બેસી રહેતી પ્રિયજનની ભાવિભેટની આશા વ્યર્થ નીવડશે એમ ત્હેના હૃદયમાં શકા થવા લાગી

કુસુમનો મધુકર ઉપર પ્રાણાધિક પ્રેમ હતો તથાપિ અદ્યાપિ ત્હેણે ત્હેને આત્મસમર્પણ કર્યું નહોતુ કુસુમે પોતાના સતીત્વનુ પ્રાણ કરતાં પણ વિશેષ મૂલ્ય લેખ્યુ હતુ માત્ર ધર્મભયના પ્રબળ પ્રવાહમાં પ્રેમભાવના વહેતી જતી હતી

ભારત ! દુર્ભાગી ભારત ! આ ત્હારી કેવી દુર્દશા ? ત્હારા સમસ્ત સુખનો નાશ થયો છે. અભિમાન ધરવા જેવી એક પણ વસ્તુ હવે ત્હારી પાસે નથી. તથાપિ એક અમૂલ્ય રત્ન માત્ર ત્હારી પાસે છે. તેથી તું ક્ય્હારે પણ વિસારે પડનાર નથી. તે રત્ન એટલે ભારતીય રમણીઓનું સતીત્વ !

ભારત ! હતભાગી ભારત ! જ્યારે ત્હારા પુત્રજ દુરાચારી નિપજવા લાગશે, ત્હારે પણ ત્હારી કન્યાઓ પોતાના સતીત્વથી ત્હારો ઉદ્ધાર કરશે !

ભારતીર્ય અંધકારમા જો એકાદ ઉજ્વલિત પ્રકાશ દેખાતો હોય તો તે ફક્ત ભારતવર્ષીય સતી રમણીઓનોજ ! !

હે સતીઓ ! ત્હમને ધન્ય છે, ત્હમે ભારતની-તાપદગ્ધ સંસારમાંની લક્ષ્મીસ્વરૂપિણી શાંતિકારિણી દેવીઓ છો

પ્રકરણ ૧૫ મું.

સ્થલાંતર.

Maids are May,
When they are Maids,
But the sky changes,
When they are wives.

—Shakespeare—

તરૂણી જ્યહારે કુમારિકા હોય છે ત્યહારે તે વસતકાલ પ્રમાણે હોય છે, પરતુ તે અવસ્થા ત્હેને ગૃહિણી પદની પ્રાપ્તિ થયા પછી પલટાઇ જાય છે' એ ઉપર્યુક્ત અવતરણિકાનો અર્થ છે યુવતીઓને શ્વસુરપક્ષમા ત્રણ અવસ્થાઓ ક્રમાન્વયે પસાર કરવી પડે છે પ્રથમમા કેવળ ઉદાસિનતા પછી ક્વચિત્ હાસ્ય અને ક્વચિત્ ઉદાસિનતા અને છેલ્લે હાસ્ય-આનદ પ્રથમ અવસ્થામાં યુવતીનુ મુખમડળ સ્હમજો કે અષાઢ માસનુ આકાશ-સાગે વખત ટપ્ ટપ્ ફોરા પડે છે, મેઘાચ્છન્ન આકાશમાં વિજળીની છટા કદિ કદિ દેખાત્રે દે છે પણ સ્પર્શ કરતા ધક્કો લાગે છે બીજી અવસ્થામાં માનો કે ત્હેનુ મુખમડળ શરદનુ આકાશ છે નિર્મલ, ઉજ્વલ, હસતુ પરતુ મેઘ પૂરેપૂરો જતો નથી અભ્ર અવારનવાર જણાય છે ઝાઝુ બોલવુ નહી, કહેવુ નહો, વાદળાંમાંથી કોઇ ઝાપટુ વર્ષાદનુ આવી પડે પણ તે ઝાઝીવારને માટે નહી. આ ઝાપટુ ગયુ કે પાછુ આકાશ નિર્મળનુ નિર્મળ અને ઉજ્વલ, ત્રીજી અવસ્થામા કલ્પના કરો કે નવવધુનુ મુખ વસતના સમયનુ આકાશ મેઘનુ નામ નહી, આખો સમય શાન્ત, સૌમ્ય નિલોજ્વલ આકાશમા પ્રકાશ માલૂમ પડે છે, પરતુ આકાશના હવામાનનુ ઠેકાણુ નહી ઉત્તર પશ્ચિમમાથી કદાચ કાળાં વાદળા ચઢી આવે અને કદાચ વર્ષા પણ થાય, અને તે પણ સજ્જડ પરતુ હાવો પ્રકાર સાસુ, સસરો, પતિ, નણદ, વિગેરે શ્વસુરપક્ષના માણસો ઉત્તમ હોય તોજ બને-છે અને જો શ્વસુરપક્ષના મનુષ્યો પ્રેમવિહિન અને નિદય હોય તો પછી

નવોઢાના દુઃખનું પૂછવુંજ નહી ! તેજ પ્રમાણે બાલવયમાં કિંવા તરૂણ વયમાં દુર્દૈવને લીધે વૈધવ્ય પ્રાપ્ત થયુ તો તો બિચારી નવોઢાની ઘણીજ દુ ખદ અવસ્થા થઇ પડે છે. કંઈ ન હોય તોપણ લોકો ત્હેવી સ્ત્રીઓની ગમે તે પ્રકારે નિંદા કરવા ચુકતા નથી પરતત્રતાનુ સત્ય સ્વરૂપ જો કોઇ ને જોવુ હોય તો ત્હેમણે નિર્દયી શ્વસુરપક્ષમાં નિવાસ કરનારી હિંદુ લલનાઓની સ્થિતિના ચિત્રનુ નિરીક્ષણ કરવુ આ ઉપરથી ઉપરની અવતરણિકા કેટલી મહત્વની છે તે સર્વ કોઇ સ્હમજી શકશે

જે વખતે મનુષ્યનો આપત્તિ કાળ નજીક આવે છે તે વખતે મિત્ર પણ શત્રુ બને છે, વિશ્વાસપાત્ર મનુષ્ય બેઇમાન નિવડે છે, સુખદાયક વસ્તુ દુ ખ આપે છે, સમસ્ત જગત્ શુન્ય દેખાય છે, અને જ્યહાં જુવો ત્યહાં સર્વત્ર દુ ખાગારજ માલૂમ પડે છે સુખની પ્રાપ્તિ ગમે તેટલો યત્ન કરવા છતા થતી નથી મન સદા અભ્રાચ્છાદિત નભોમડળ પ્રમાણે ચિંતાક્રાંત અને ઉદ્વિગ્ન રહે છે સુખનો વિનાશ થાય છે.

નિર્ભાગી કુસુમના સુખનો પણ હાવીજ રીતે લોપ થયો છે. વિઘ્નસંતોષી જનોનું આટલાથી સમાધાન થયુ નહી કુસુમ તે ગામમાં રહે નહી તેમ કરવુજ જોઇએ એવો ત્હેમણે નિશ્ચય કર્યો. કેટલાક પાજી લોકો ત્હેની મશ્કરી કરવા લાગ્યા સજ્જન પણ દુર્જનની માફક ત્હેના શત્રુ થયા કુસુમ દુરાચારી છે હેવો સર્વેનો મત થયો છેવટે નિરૂપાયને લીધે કુસુમને મુબઇ ત્હેના મામા પાસે મોકલી દેવામાં આવી. ગરીબ બિચારી કુસુમ માતાપિતાથી, જન્મભૂમિથી દૂર થઇ. આ વખતે ત્હેના કોમલ હૃદયને ઘણુજ લાગી આવ્યુ ત્હેનાં જન્મદાતા માબાપ પણ આજે નિષ્ઠુર થયાં !

હાય ! ભારતવર્ષ ! ત્હારે ત્હારા પૃષ્ઠભાગ ઉપર તુ હાવાં સુદર પુષ્પો શા માટે ઉગાડે છે ? ત્હને ઘાતકીજ સ્હમજવો જોઇએ ! ત્હને ઉત્તમ કોણે કહેશે ?

પ્રકરણ ૧૬ મું.

મનોવ્યથા.

હવે કુસુમ પોતાના મામાને ત્યહાં દિવસો કાઢવા લાગી. હરિલાલ ત્હેને પોતાના પેટની પુત્રીની બરોબર ગણતા હતા તથાપિ કુસુમની મનોવ્યથા

દિવસે દિવસે વૃધ્ધતાજ ચાલી સર્વ સુખની અનુકૂલતા છતાં હવે ત્હેને કોઇ પણ વાતમાં આનંદ જણાતો નહી. ત્હેના ચ્હેરા ઉપર હરનિશ વિષાદગાંભીર્યનું ચિન્હ અવિચલિત માલુમ પડતું હતુ પ્રેમીજનની સ્મૃતિને લીધે ત્હેને શાંતિ દેવીની પ્રાપ્તિ થઇ શકી નહી. ત્હેની ભૂખ તરસ નહી જેવી થઇ ગઇ, નિદ્રા દેવીએ ત્હેનો ત્યાગ કર્યો, સકલ જગત ત્હેને શુન્ય દેખાવા લાગ્યુ. આજે ત્હેનો વદનચંદ્રમા રાહુગ્રસ્ત થયો. ત્હેની મુખમુદ્રા ઉપર ફિક્કાશ પ્રસરી રહી. દૈવને દોષ આપતી ઘણોખરો વખત તે એકાંતમાં રડયા કરતી હતી.

પ્રાણાધિક મધુકરનો વિયોગ, જન્મદાતા માબાપનો વિયોગ અને કમલાનો વિયોગ આ કારણોને લીધે ત્હેનુ હૃદય પીડિત થવા લાગ્યુ. પ્રતિદિન તે કૃશ થવા લાગી નિરાશાએ ત્હેના ઉપર પોતાની પૂર્ણ સત્તા બેસાડી એક રોગમાંથી આરામ થતાં ન થતાંમાંતો તે ભયંકર તાવને આધીન થઇ દરરોજ સખ્ત તાવ આવવા લાગ્યો આ ચીન્હો કંઇ સારાં નથી એમ જાણી હરિલાલે ત્હેના માબાપને સર્વ સમાચાર લખી જણાવ્યા. અમૃતલાલ અને રૂક્ષ્મણી મુબઇ આવ્યાં. આ સમયે કુસુમ છેકજ પથારીવશ હતી કન્યાની સ્થિતિ જોઇ ત્હેના માબાપનુ હૃદય ભરાઇ આવ્યુ સ્વાભાવિક વાત્સલ્ય–પ્રેમ ત્હેમના મનમાં પુન જાગૃત થયો

ડોકટરની દવા દરરોજ આપવામાં આવતી હતી કુસુમનામાં હવે ઉઠીને બેસવા જેટલી શક્તિ પણ નહોતી. બોલતા બોલતાં જીભ પણ ખેંચાઇ જતી હતી જ્વર પણ ત્હેને છોડતો નહોતો. ડોકટરોએ ત્હેની આશા છોડી દીધી. અમૃતલાલ અને રૂક્ષ્મણી બન્ને જણ આક્રંદ કરવા લાગ્યાં.

ક્ષીણસ્વરે કુસુમે હાંક મારી,–" માતા ! "

પથારી નજીક બેઠેલી માતાએ ઉત્તર આપ્યો,–" શુ છે બેટા ? "

કુસુમ નિસ્તબ્ધ રહી. રૂક્ષ્મણીએ જોયુ તો કુસુમનાં નેત્રોમાંથી અશ્રુ–પ્રવાહ વહેતો હતો એ જોઇ તે દુખી માતા રડવા લાગી. ઘણા વખત પછી તે કુસુમના મ્હોં ઉપર હાથ ફેરવતી બોલી,–"બેટા રડે છે શા માટે ? "

" માતા ? "

" શુ છે બેટા ? "

" મા ! હવે હુ થોડાજ દિવસ આ દુનિયામાં રહેવાની છુ. "

" બેટા ! હેવુ અમંગલ બોલીશ નહી ! " રૂક્ષ્મણી ધીમે ધીમે રડતાં બોલી

" ના, ના, માતા ! હવે હું જલદીથી મરણને શરણ થઇશ, પરંતુ તે પૂર્વે તું મ્હારી એક વિનતી માન્ય કરીશ કે ! "

" શાની વિનંતી બેટા ? " પ્રેમપૂર્ણ સ્વરે માતાએ પૂછ્યું.

માતાનો હાથ પોતાના હાથમાં લઇ કુસુમ કંપિત સ્વરે બોલી,– " માતા ! " હેનો કંઠ ભરાઈ આવ્યો હેનાથી આગળ બોલી શકાયુજ નહી.

" શું છે બેટા ! હારી શી ઇચ્છા છે ? "

" એક વખત મધુકરની...... .... "

" શું મધુકરને એક વખત મળવાની હારી ઇચ્છા છે ? "

કુસુમે માથુ હલાવી 'હા' એમ દર્શાવ્યુ.

" ઠીક છે. " એમ કહી મધુકરને તાર કરી બોલાવી મગાવવાનુ પોતાના પતીને કહેવા માટે રૂક્ષ્મણી ત્હાંથી ઉઠી

કુસુમ ક્ષીણ સ્વરે પુનઃ બોલી,–" માતા, કમલાને પણ બોલાવો "

"ઠીક." એમ કહી રૂક્ષ્મણી ત્હાંથી ચાલી ગઇ

પ્રકરણ ૧૭ મું.

આમંત્રણ.

" Tis the last rose of Summer
left blooming alone,
All her lovely companion
are faded and gone. "

—Moore.

પોતાને પુનઃ ખાસ બોલાવશે હેવી મધુકરને કલ્પના સુદ્ધાં નહોતી. પણ કાલગતિ વિચિત્ર છે ! ' કુસુમ અસ્વસ્થ છે, આપની મુલાકાતની ઇચ્છા છે. ' એ વિદ્યુત સંદેશ મધુકરને પ્હોંચ્યો પણ ખરો ! પછી મધુકરની કેવી સ્થિતિ થઇ પડે હેની કલ્પના કરવી અસંભવનીય છે. તે વિદ્યુત સંદેશ નહોતો–તે વજ્રપાત હતો ! આ અશુભ–ઘણાજ અશુભ સમાચાર હતા.

અમૃતલાલ ખિન્નવદને દિવાનખાનામાં બેઠેલા હતા ત્હાં રૂક્ષ્મણી આવી. અમૃતલાલે પત્નીને જોતાંજ પ્રશ્ન કર્યો,–" કુસુમને હવે કેમ છે ? "

"જેમને તેમ છે; પણ ડૉક્ટરે શું કહ્યું ?"

"હેમણે તો એમ કહ્યું કે હવે તે બચી શકે હેવી આશા નથી" અમૃતલાલે દુ:ખી મુદ્રાએ કહ્યું.

રૂક્ષ્મણી રડતી રડતી બોલી, "અરેરે ! હું આ શું સાંભળું છું ? મ્હારી પુત્રી મ્હને છોડીને ચાલી જશે ? ઇશ્વર હેને બદલે મ્હનેજ મૃત્યુ આપ, પરન્તુ હેને આરામ કર હેના વિના જીવીને મ્હારે શું કરવું છે ? સમાજ! હેજ હમારા સર્વેનો વિનાશ-ઘાત કર્યો છે! હે પરમાત્મન ! હને પણ હમારી દયા નથી આવતીને ? હાય!"

"હવે રડવાનો શું ઉપયોગ ? થનાર કંઇ થયા શિવાય રહે !" અમૃતલાલે પત્નીનું શાન્તન કરવામાં ઉદ્દેશથી કહ્યું

"પણ મ્હારૂ સ્હેજ સાંભળશો કે ?"

"શું ?"

"મધુકરની મુલાકાત માટે હેને તીવેચ્છા થઇ છે. તેથી હેને અને કમલાને તાર કરી બોલાવો"

"કમલાને તો બોલાવી શકીશું પરન્તુ મધુકરનો પત્તો ક્યહાંથી મળી શકશે ?"

"કમલા તે જાણતીજ હશે. હેની પાસેથી પત્તો મગાવો."

"ઠીક છે" એમ કહી અમૃતલાલે કમલાને પત્ર લખ્યો અને હેના તરફથી મધુકરનું ઠેકાણું મળતાજ હેને તાર કર્યો.

પ્રકરણ ૧૮ મું.

કમલા.

All other goods by fortune's hand are given,
A wife is the peculiar gift of heaven
— Pope.

કમલા—કુસુમની સમવયસ્કા પ્રાણાધિક સખી કમલા—આજે શોકાતુર થઇ બેઠી હતી હેની આગળ એક પત્ર પડ્યો હતો. તે પત્રજ હેના હૃદ-

યમાં શોકાગ્નિ સળગાવવાના કારણભૂત થયો હતો. પત્રમાંની હકિકત-પ્રત્યેક વાકય-પ્રત્યેક શબ્દ-વાંચીને ત્હેના કાળજાનુ પાણી થઇ જતુ હતુ. ત્હેનાં નયનયુગલમાંથી અશ્રુબિંદુ ટપકતા હતા. તે પત્રનીચે પ્રમાણે હતો.

॥ શ્રી ॥

અ૦ સૌ૦ ચી૦ કમલા બ્હેનને અનેક આશિર્વાદ

ખાસ પત્ર લખવાનુ કારણ એ છે કે ચીરંજીવી કુસુમ છેકજ અસ્વસ્થ છે. ઔષધોપચાર ચાલુ છે પરંતુ તે હવે બચી શકે તેમ નથી. ત્હને અને મધુકરને મળવાની ત્હેની મહત્વાકાંક્ષા છે તો આ પત્ર વાચીને તુરત અત્રે આવજે.

કમલા ! બ્હેન ! હુ ઘણોજ પાપી છુ, હુંજ કુસુમના મૃત્યુનુ કારણ છું. મ્હારી સમાજની બ્હીકને લીધેજ આજે આ પ્રસંગ આવી પ્હોંચ્યો ! આ બદ્દલ મ્હારે ઘોર પ્રાયશ્ચિત લેવુ જાઇએ તે શિવાય આ પાપનું ક્ષાલન થનાર નથી.

કમલા હું ઘણોજ મૂર્ખ છુ ! પણ હવે શુ ? મૂર્ખપણાનુ ફળ ભોગવ્યા શિવાય છુટકોજ નથી. આ સમાચાર મધુકરને પ્હોચાડવા છે માટે ત્હેનું શિરનામુ તારથી જણાવજે કારણ ત્હમો બન્નેને ભેટવાની મ્હારી કુસુમની અંતિમ્ ઇચ્છા છે. સર્વેને આશિર્વાદ

લી શુભેચ્છક.

અમૃતલાલ.

કમલાંએ આ પત્ર વારંવાર વાંચ્યો અને પ્રત્યેક વખતે ત્હેનાં નેત્રો આંસુથી ભરાઇ આવ્યાં. પતિની આજ્ઞા લઇ તે બીજે દિવસે મુબઇ આવવા નીકળી.

પ્રકરણ ૧૯ મું.

પુનર્મિલન.

રતિ કિંવા પ્રણયની એક અપૂર્વ અને અનિર્વચનીય ક્ષમતા છે અને તે જેનાંમાં સરલ પ્રણયપિપાસાનો ભાવ હોય છે ત્હેનાજ અનુભવમાં આવે-છે. માનવી હૃદય, શોક, સંતાપ, દુખ, તાપ ઇ૦ સર્વ સહન કરી શકે છે

પરંતુ જ્યારે પ્રણયી કિંવા પ્રણયિનીના દર્શનની લાલસા ત્હેમનામાં ઉદ્‌ભવે છે ત્યારે તે અસાધ્ય થાય છે અને મન ઉદ્વિગ્ન તથા વ્યાકુલ થાય છે. પ્રિયદર્શન વિના અન્ય ઉપાયોથી મનની તળમળ શાંત થતી નથી, પ્રિયજન મિલન વિના મનને સંતોષ થતો નથી.

આ તો મનુષ્ય સ્વભાવની વાત થઇ, પરતુ અબલાના હૃદયની પ્રેમભાવના હાનાથી પણ અધિક–પવિત્ર–સ્વર્ગીય–છે. પ્રેમનો અખુટ ભડાર અબલાઓનાં હૃદયમાં હોવાથી પ્રેમપ્રવાહનુ સતત વહન થયા કરે છે. પુરૂષજીવનનો એકાદ અશ પ્રેમપૂર્ણ હશે કિંવા છે પરતુ સ્ત્રીજીવનનો સપૂર્ણ અશજ પ્રેમમય છે. અબલા સ્વતજ પ્રેમસ્વરૂપિણી છે. પ્રણયની સાક્ષાત્ પ્રતિમા છે.

કમલાને કુસુમની દીનાવસ્થા જોઇને સંસારમા સર્વત્ર અધકાર દેખાવા લાગ્યો કમલાને જોતાંજ કુસુમનુ મુખ કિચિત્ પ્રફુલ્લિત થયુ કમળાનો હાથ પોતાના હાથમાં લીધો કમલા કુસુમની તે વખતની એકદર સ્થિતિ જોઇ ને પોતાનો હૃદયપ્રવાહ–અશ્રુપ્રવાહ અટકાવી શકી નહી કપિત સ્વરે તે બોલી,–" કુસુમ ! હવે ત્હને કેમ લાગે છે ? "

કુસુમે જવાબ આપ્યો નહી માત્ર એક દીર્ઘ નિશ્વાસ મૂકયો. ત્હેના નેત્રો આસુથી ભરાઇ આવ્યાં ઘણી વારે તે બોલી, " કમલા ! હવે મ્હને મરણજ અતિપ્રિય લાગે છે ! "

" ના, ના, વ્હાલી કુસુમ ! તુ હેવુ બોલીશ નહી ! "

" કેમ ! હવે હુ બચી શકુ એમ ત્હને લાગે છે ? યદાકદાચિત્ બચી તો પછી આ જીવન કોના માટે ધરી રાખવુ ? ' કુસુમ સ્મિતવદને બોલી, " હુ સસારમા કટકરૂપ છુ. તેથીજ મ્હને મરણ પ્રિય લાગે છે ! "

" છટ્, સસાર સાગરમા તુ એક અમૂલ્ય રત્ન છે, પરતુ સાધારણ મનુષ્ય એકાએક ત્હારી કિમત સ્હમજી શકે તેમ નથી. "

" પરંતુ હવે મ્હને જીવવાની બિલકુલ આકાક્ષા નથી. છેવટની ઘડીએ ત્હારો મેલાપ થવાથી મ્હારી ચિંતા થોડી ઓછી થઇ છે, પરતુ અદ્યાપિ મ્હને એક ઇચ્છા છે કમલા, તે–તે મ્હારી–અતિમ્ ઇચ્છા પૂર્ણ થશે કે ? પછી–પછી હુ સુખેથી–આનદથી મરીશ ! "

" કુસુમ ! વ્હાલી સખી ! ત્હારી ઇચ્છા પૂર્ણ થશેજ. મધુકર ત્હને જલદીથીજ ખાત્રીપૂર્વક મળશે " કમલાએ આશ્વાસન આપ્યું.

" શું ત્હેમને મ્હારી આ સ્થિતિની ખબર છે ?"

" હા, મધુકરને પત્ર લખ્યો છે તેમજ તાર પણ કર્યો છે એટલે હવે તે આવ્યા શિવાય રહેશે નહી, પણ કુસુમ, તું હવે બોલવાનો વિશેષ શ્રમ લઇશ નહી; જરા સ્વસ્થ સૂઇ રહીને વિશ્રાંતી લે, એટલે ઠીક થશે."

કમલાનું આ કથન કુસુમે સાંભળ્યું, ધીમે ધીમે કુસુમનાં નેત્રો વિલાયાં

પ્રકરણ ૨૦ મું,

મરણશૈયા.

But when thou leav'st me,
Doubts and fears arise,
And darkness reigns,
Where all before was light,
The sunshine of my soul,
Is in those eyes,
And when they leave me,
All the world is night.

કૃષ્ણ અને ભીષણ રાત્રિ ! કુસુમના આયુષ્યની છેલ્લી રાત તે આજ ! દશ ર્હાડા દશનો સુમાર થયો હતો. એક પલંગ ઉપર કુસુમ સૂતી હતી ખુણામાં ટીપાઇ ઊપર દવાની શીશી અને કપ પડેલાં હતાં. એક સોડાની શીશી ખાલી પડેલી હતી. કુસુમનું દરદ ઘણુંજ વધી ગયું હતું. હાલી સ્થિતિમાં પણ તે વિચારસાગરના તરંગો સાથે પછડાતી હતી. તે શું વિચાર કરતી હતી ?

જેમ પવનના સુસવાટા આગળ વાદળા પસાર થાય તે પ્રમાણે ત્હેના મગજમાંથી વિચારો પસાર થતા હતા. ત્હેની વિધવાવસ્થા, મધુકર સાથે ગાળેલો વખત, મધુકરની વાતચીતની છટા, ત્હેનાં નેત્રોનું અલૌકિક તેજ, ત્હેના મનના ભાવ, ત્હેના મગજમાંથી પસાર થતા હતા. શું તે નહી આવે ? નહી

મળે ? એકવાર આવશે ? જરૂર આવવાજ જોઇએ એવા વિચારોમાં તે વિમાઢ વ્હેરે પડી હતી. તે હાલતી નહોતી ચાલતી નહોતી, માત્ર ટગર ટગર જોયા કરતી હતી. ત્હેને જીવવાની ઇચ્છાજ નહોતી.

અહા ! પણ આ શુ જુઓ આ ઉતાવળો ઉતાવળો, ગભરાયલા જેવો મ્મ્લાનવદન થઇ ગયલો મધુકર આવી પહોંચ્યો ! ત્હેણે આવતાંજ કોઇની ખબર અંતર ન પૂછતાં સીધો કુસુમના પલગ નજીક આવી પ્હોચ્યો. કમલા ત્હાં બેઠી હતી બીજા બધા ભાવે અભાવે થોડુ ઘણુ ભોજન કરવા ઉઠયાં હતાં. મધુકરે આવી પલગ ઉપર ... કુસુમ તરફ કરૂણાજનક દષ્ટિથી જોતાં પ્રશ્ન કર્યો, " કુસુમ ! પ્રિય કુસુમ ! તુ મ્હને ઓળખી શકે છે?"

કુસુમે નેત્રા ઉઘાડયાં ત્હેના મુખ ઉપર વિલક્ષણ તેજ પ્રકાશી રહ્યુ તે આનદાવધિમાં ન્હાતી હોઈ એમ જણાયુ પરતુ આ શુ ? એકજ ક્ષણ-માં તે આનદ તે પ્રકાશ વિલય થઇ ગયાં ત્હેણે કરૂણાજનક દષ્ટિએ મધુકર તરફ જોતાં બોલી,–" પ્રાણ ? આપને કેમ ભુલુ ? આપે મ્હારે માટે ઘણુ કર્યુ છે, મ્હારા સુખને માટે અનેક પ્રયાસ કર્યા છે પરતુ આ હતભાગિની-થી સુખ દૂરજ ભાગતુ ફરે છે. વિધાતાનો શાપ પુઠે લાગેલો છે પ્રાણપ્રિકો આપના હૃદયની ઉદારતા કેમ ભૂલાય ! માત્ર સસારમા આપના મિલનમાં સુખ લાગતુ હતુ પરતુ તે પણ મ્હારા નશીબમાં નહોતુ એટલે શુ કરૂ ? આપના નામનો જાપ જપી દિવસો વ્યતીત કરતી હતી સ્હવારે આપ સાંજે આપ, રાત્રે આપ, જ્યહારે જુઓ ત્હારે આપ, આપને આપજ જ્યહાં જોઉં ત્હાં આપની છબીજ દષ્ટિએ પડતી હતી

" પ્રાણેશ ! આપના અમૃત વાકયોએ મ્હારી નિરાશા હરી ! આપના બલિદાને મ્હારા હૃદયના અંધકારનો નાશ કરવા પ્રવૃત્ત થાય. મ્હને આશ્રય આપવા તૈયાર થયા, શાંતિહીનને શાંતી આપી, પણ મ્હારા કર્મમાં સુખજ નહી. નહી તો દુષ્ટ સમાજ શા માટે અવરોધ કરે ! પ્રાણેશ મ્હેજ આપના હૃદયમાં અશાંતિનુ બીજ રોપ્યુ છે, મ્હેજ આપને કર્તવ્યભ્રષ્ટ કર્યા છે, પ્રિયતમ ! મ્હારા પુજ્યદેવ મ્હને માફ કરો, હુ ઝાઝી જીવવાની નથી. હુ કલકિની છુ. મ્હને આશિર્વાદ આપો મ્હારા મરણકાલે માત્ર આપની આશીષ ચાહુ છુ."

"હુ અનાથના નાથ ! હુ રકના બેલી, મ્હારા જીવનના પ્રકાશ, મ્હને ક્ષમા કરો. મ્હને ભૂલી જજો. પાછા કર્તવ્ય રથે અનુસરણ કરજો ! વ્હાલા!

ઇશ્વર પાસે છેવટે એટલીજ યાચના કરૂં છું કે જો કદી નારી[illegible] આપે તો મ્હને આપની દાસી બનાવે. ક્ષમા, દયા, આપનું હૃદય ઉદાર છે. ક્ષમા, દયા, એજ. બીજું શું !"

મધુકર આ સર્વ સાંભળી દિવાના જેવો બની ગયો. ત્હેની આંખમાંથી શ્રાવણ ભાદરવો ચાલવા લાગ્યો. ત્હેણે કુસુમને હાથ પોતાના હાથમાં લીધો. પણ અતિશય બોલવાના શ્રમથી તે બેભાન થઇ ગઇ હતી. ત્હેની આંખો બ્હેબાકળી થઇ ગઇ હતી.

પુન. પ્રણયીજનની દ્રષ્ટિ એક થઇ. ચતુર્ચક્ષુનું મિલન થયું. ત્હેનું તેજહીન વદન પુન. પ્રભામય થયું. નિર્વાણોન્મુખ દીપક પુન પ્રજ્વલિત થયો. પણ આ બધુ કિંચિત્ માત્ર !

ક્ષણ પછી ત્હેણે પોતાની માતાને હાક મારી,-" મા ! "

બધાં જમી રહેલાં હોવાથી ત્યાં આવ્યાં. રૂક્ષ્મણી બોલી;—" શું છે બેટા ? "

" પાણી ! "

મધુકરે ત્હેના મ્હોમાં પોતાના હાથે પાણી રેડયું. થોડા વખત પછી બોલી,-' હવે મ્હારાં સર્વે દુખોનો નાશ થશે ! મધુકર ! હું જાઉં છું !'

મધુકર રડતો રડતો બોલ્યો,-" કુસુમ ! એમ ત્હારી મરજી માફક કેમ બોલે છે ! ૩ મ્હને છોડીને ક્યહાં જઇશ ?"

મંદહાસ્ય કરી કુસુમ બોલી,-" હવે આપણો મિલાપ તે શાંતિનિકેતન ધામમાજ થશે ! પરમેશ્વર આપને સુખી રાખો ! પા .. ણી."

ધીમે ધીમે કુસુમની પ્રાણજ્યોતી વિલિન થઇ ગઇ. અમૃતલાલ, કમલા, અને રૂક્ષ્મણી-હેમણે રડારોળ કરી મૂકી. આ દુખમય સંસારમાંથી કુસુમ સદાને માટે મુક્ત થઇ. મધુકરની આશાલતા નિર્દય યમે ચુંટી લીધી. દુષ્ટ સમાજના અયોગ્ય અનાચારથી મુકત થઇ કુસુમે સ્વર્ગપ્રતિ પ્રયાણ કર્યું !!!

હે કરૂણાસાગર ! હે દિનબંધુ ! હે દિનદયાળ ! આર્યાવર્ત્તની અબળાઓ ઉપર શું આપની કૃપાદષ્ટિ નહીજ થાય ? હે કૃપાસિંધુ ! કૃપા કરો અને સમાજનો સદ્બુદ્ધિ આપો ! ! વિધવાઓનાં દુ:ખોનો નાશ કરો ! !

પ્રકરણ ૨૧ મું.

ઉપસંહાર.

Farewell with him alone may rest the pain,
If such there were, with you the moral of
my strain.

સોનાપૂર—મુંબઇમાની સ્મશાનભૂમિ. ત્હાંજ કુસુમનો પ્રેતસંસ્કાર કરવામાં આવ્યો સમાજ રાક્ષસે ત્હેને જન્મભર દુઃખ દીધું અને નિર્દય કાળે ત્હેને પોતાના ઉદરમાં સ્થાન આપ્યું.

અરૂણોદય થયો. કુસુમનો દેહ માટીમાં મળી ગયો અફાટ સાગરનાં પ્રચંડ મોજાં ગર્જના કરવા લાગ્યાં. "દયા શુન્ય સમાજ ! અબલા પ્રિત્યાર્થ આટલી બધી કંઠારતા દર્શાવીશ નહી ! " હેવુ જાણે તે કહેતો હોયને !

અરેરે ! સંસારની આ કેવી વિચિત્ર લિલા ? જે પુષ્પનો જે વખતે વિકાસ થવો જોઇતો હતો તે પુષ્પનો તે વખતે નાશ થયો ! અરેરે ! હાવાં કેટલા નિર્દોષ યુવતીરત્નો નિત્યશ કાળના ભક્ષ્યસ્થાને પડતાં હશે તે કો'ને ખબર !

ભારતવાસીઓ ! '**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता:**' એ સૂત્ર શું આપ વિસરી ગયા છો ! શું અબલાઓની વર્તમાન સમયમા આપ હાવા પ્રકારે પૂજા કરો છો ? શિવ ! શિવ ! તે અનાથનો નાથ ! રંકનો બેલી, પ્રભુ આપને સદ્બુદ્ધિ આપો ! ! !

હતભાગી મધુકર માત્ર તે દિવસ પછી કોઇની નજરે પડયો નહી. દુર્દૈવે અમૃતલાલ અને રૂક્ષ્મણી એ બન્ને પણ કન્યાની પછી થોડાજ વખતમાં પરલોકપ્રયાણ કરી ગયાં

પ્રિય પાઠક ! પૂરી થઇ હમારી કરૂણા જનક કહાણી.

પાઠકોથી રજા લેતાં પ્હેલા હમે પુનઃ વિધવાઓની દીન સ્થિતિ પ્રતિ લક્ષ્ય આપવાનુ સમાજને વિનવીએ છીએ.

સમાજ આ તરફ લક્ષ્ય આપશે કે ?

સમાપ્ત.

વાંચવાલાયક પુસ્તકો.

પ્રાણાયામ.

પ્રાણાયામ સંબંધી માહિતી આપનાર સર્વોત્તમ પુસ્તક પ્રાણાયામ કોણ કરી શકે છે પ્રાણાયામથી શું લાભ થાય છે. પ્રાણાયામથી જીવનની વૃદ્ધિ શી રીતે થઈ શકે છે. પ્રાણાયામનું સ્વરૂપ પ્રાણાયામ કેવી રીતે કરવો વીગેરે બીજી સેંકડો ઉપયોગી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાણાયામ બિલકુલ નહિ જાણનાર મનુષ્યને આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થઇ પડે છે. ત્રણુંશે પૃષ્ઠના પુસ્તકની કીંમત માત્ર આઠ આના

કાવ્ય કુસુમ

જ્ઞાન, તત્વવિચાર, તથા ભક્તિરસથી સંપૂર્ણ ભરેલાં ઉત્તમોત્તમ પદ્યોનો સંગ્રહ આ પુસ્તકમા આપવામાં આવ્યો છે વળી આધુનિક નાટકના પ્રસિદ્ધ ગાયનોના રાહમાં તે બનાવેલા છે નાટક ગાયન ગાવાનો શોખ રાખ્યા કરતાં આવા જ્ઞાનબોધક પદ્યોના ગાવાનો અભ્યાસ રાખવો હજાર દરજ્જે સારો છે. પુસ્તકને બહારથી તેમજ અંદરથી સુંદર રીતે છપાવી શોભાવવામાં આવ્યું છે; તમે તેને મંગાવશો તો અવશ્ય પ્રસન્ન થશો જો તમને ગાવાનો શોખ ન હોયતો પણ આ પુસ્તક તેમાં આવેલા વિધવિધ બોધક વિષયને લીધે એક વખત વાંચવા ભલામણ કરવામાં આવે છે. તેનુ મૂલ્ય માત્ર આઠ આના રાખવામાં આવ્યું છે. પોષ્ટેજ ૦–૧૦–૦

સદ્‌બોધ સ્તવન માળા.

ચંદ્રપ્રકાશમાં આવેલા રસિક પદ્યોનો સંગ્રહ મૂલ્ય માત્ર બે આના પોસ્ટેજ છ' પાઇ.

મૂલ્યવાન રત્નો.

નિરાશામા ગરકાવ થયેલ મનુષ્યને તેમાંથી બહાર કાઢનાર પ્રોત્સાહન વચનથી ભરપુર પુસ્તક. મૂલ્ય માત્ર છ પાઇ પોસ્ટેજ પાંચ નકલ સુધી છ પાઇ રૂપૈયા એકની સામટી લેનારને ૪૦) આપવામાં આવે છે

વિજયી કોણ થાય છે !

વિજયની વ્યાખ્યા દર્શાવનાર ત્રણ રંગમાં છાપેલો સુંદર કાર્ડ. મૂલ્ય નવ પાઇ

પ્રાણાયામ ભાગ ૨.

પ્રાણાયમ સંબંધી બાકી રહેલ બાબતને આ પુસ્તકમાં સમાવવામાં આવેલી છે તે તૈયાર થાય છે નામ નોંધાવો.

ઉપરનાં સર્વ પુસ્તકો મળવાનું ઠેકાણું પ્રભુશંકર નરભેરામ વ્યાસ.